ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૩૬ | ૧ જાન્યુઆરી ૨૦૧૮ | પાના-૧૬ | લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - પુષ્પમાળા

૧ અનુચર હો તો પ્રિયમાં પ્રિય એવા શરીરના નિભાવનાર તારા અધિરાજની નિમકહલાલી ઈચ્છી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૨. દુરાચારી હો તો તારી આરોગ્યતા, ભય, પરતંત્રતા, સ્થિતિ અને સુખ એને વિચારી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩. દુ:ખી હો તો (આજની) આજીવકિા જેટલી આશા રાખી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪. ધર્મકરણીનો અવશ્ય વખત મેળવી આજની વ્યવહારસિદ્ધિમાં તું પ્રવેશ કરજે.

૫. કદાપિ પ્રથમ પ્રવેશે અનુકૂળતા ન હોય તોપણ રોજ જતા દિવસનું સ્વરૂપ વિચારી આજે ગમે ત્યારે પણ તે પવિત્ર વસ્તુનું મનન કરજે.

૬. આહાર, વિહાર, નિહાર એ સંબંધીની તારી પ્રક્રિયા તપાસી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૭. એ સ્મૃતિ ગ્રહણ કર્યા પછી શૌચક્રિયાયુક્ત થઈ ભગવદ્ ભક્તિમાં લીન થઈ ક્ષમાપના યાચ.

૮. સંસારપ્રયોજનમાં જો તું તારા હિતને અર્થે અમુક સમુદાયનું અહિત કરી નાખતો હો તો અટકજે.

૯. જુલમીને, કામીને, અનાડીને ઉત્તેજન આપતો હો તો અટકજે.

૧૦. ઓછામાં ઓછો પણ અર્ધ પ્રહર ધર્મકર્ત્તવ્ય અને વિદ્યાસંપત્તિમાં ગ્રાહ્ય કરજે.

૧૧. સ્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી ઈત્યદિ બધાં સુખ તારે ઘેર હોય તોપણ એ સુખમાં ગૌણતાએ દુ:ખ રહ્યું છે એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.

૧૨. મન દોરંગી થઈ જતું જાળવવાને,

૧૩. વચન શાંત, મધુર, કોમળ, સત્ય અને શૌચ બોલવાની સામાન્ય પ્રતિજ્ઞા લઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૧૪. કાયા મળમૂત્રનું અસ્તિત્વ છે, તે માટે 'હું આ શું અયોગ્ય પ્રયોજન કરી આનંદ માનું છું' એમ આજે વિચારજે.

૧૫. તારે હાથે કોઈની આજીવિકા આજે તૂટવાની હોય તો-

૧૬. આહારક્રિયામાં હવે તેં પ્રવેશ કર્યો. મિતાહારી અકબર સર્વોત્તમ બાદશાહ ગણાયો.

૧૭. જો આજે દિવસે તને સૂવાનું મન થાય, તો તે વખતે ઈશ્વરભક્તિપરાયણ થજે, કે સત્-શાસ્રનો લાભ લઈ લેજે.

૧૮. હું સમજું છું કે એમ થવું દુર્ઘટ છે, તોપણ અભ્યાસ સર્વનો ઉપાય છે.

૧૯. ચાલ્યું આવતું વૈર આજે નિર્મૂળ કરાય તો ઉત્તમ, નહીં તો તેની સાવચેતી રાખજે.

૨૦. તેમ નવું વૈર વધારીશ નહીં, કારણ વૈર કરી કેટલા કાળનું સુખ ભોગવવું છે એ વિચાર તત્ત્વજ્ઞાનીઓ કરે છે.

૨૧. વખત અમૂલ્ય છે, એ વાત વિચારી આજના દિવસની ૨,૧૬,૦૦૦ વિપળનો ઉપયોગ કરજે.

૨૨. નવરાશનો દિવસ હોય તો આગળ કહેલી સ્વતંત્રતા પ્રમાણે ચાલજે.

૨૩. કોઈ પ્રકારની નિષ્પાપી ગમ્મત કિંવા અન્ય કંઈ નિષ્પાપી સાધન આજની આનંદનીયતાને માટે શોધજે.

૨૪. સુયોજક કૃત્ય કરવામાં દોરાવું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી, કારણ આજ જેવો મંગળદાયક દિવસ બીજો નથી.

૨૫. અધિકારી હો તોપણ પ્રજાહિત ભૂલીશ નહીં, કારણ જેનું (રાજાનું) તું લૂણ ખાય છે, તે પણ પ્રજાના માનીતા નોકર છે.

- **શ્રીમદ્ રાજચંદ્ર**

## બુદ્ધિથી ઈશ્વરને ઓળખાય નહિ

બીજા એક જુવાને પ્રશ્ન કર્યો હતો: 'પણ ગાંધીજી, આપ ઈશ્વર વિશે મૂળથી જ આસ્તિકતાથી શરૂ કરો છો, જ્યારે અમે નાસ્તિકતાથી શરૂ કરીએ છીએ. ત્યારે અમારાથી પ્રાર્થના કેમ થાય ?'

ગાંધીજીએ કહ્યું:

'ઈશ્વરને વિશે તમારામાં આસ્તિકતા પેદા કરવી એ મારી શક્તિ બહારની વાત છે. કેટલીક વસ્તુઓ સ્વયંસિદ્ધ હોય છે અને કેટલીક એવી હોય છે જે સાબિત થઈ જ ન શકે. ઈશ્વરનું અસ્તિત્વ એ ભૂમિતીનાં સ્વયંસિદ્ધ સત્ય જેવું છે. આપણા હૃદયથી એ ગ્રહણ ન થઈ શકે એમ પણ બને. બુદ્ધિગ્રાહ્યતાની તો હું વાત જ નહિ કરીશ. બુદ્ધિના પ્રયત્નો ઓછેવત્તે અંશે નિષ્ફળ ગયેલા છે. બુદ્ધિગમ્ય દલીલથી ઈશ્વરને વિશે શ્રદ્ધા ઊપજી શકતી નથી. કારણ એ બુદ્ધિથી ગ્રહણ ન થઈ શકે એવી વસ્તુ છે. બુદ્ધિથી પર, એ વિષય છે. એવી સંખ્યાબંધ ઘટનાઓ છે જે ઉપરથી ઈશ્વરના અસ્તિત્વની દલીલો આપી શકાય પણ એ જાતની બુદ્ધિગમ્ય દલીલોમાં ઊતરીને હું તમારી બુદ્ધિનું અપમાન નહિ કરું. હું તો તમને એવી સલાહ આપું છું કે એ બધી દલીલો વેગળી મૂકો અને ઈશ્વરને વિશે સાદી, સીધી, બાલોચિત શ્રદ્ધા રાખો. જો હું છું તો ઈશ્વર છે, કરોડો લોકોની માફક એ મારા જીવનની જરૂરિયાત છે. કરોડો એને વિશે વ્યાખ્યાન નહિ આપી શકે, પણ તેમનાં જીવનમાંથી આપણે જોઈ શકીએ છીએ કે ઈશ્વર વિશેની આસ્તિકતા તેમના જીવનનું અંગ છે. એ આસ્તિકતા મોળી પડી ગઈ છે. એને સજીવન કરવાનું હું તમને કહું છું. તેમ કરવા માટે આપણી બુદ્ધિને આંજી નાંખનારું અને આપણને ચંચળ બનાવી દેનારું ઘણું સાહિત્ય ભણેલું, આપણે ભૂલી જવું પડશે. એવી શ્રદ્ધાથી શરૂ કરો–એમાં નમ્રતા રહેલી છે અને આપણે કશું જાણતા નથી એવી કબૂલાત રહેલી છે–કે આ વિશ્વમાં આપણે અણુથીયે નાનાં છીએ. એમ હું એટલા માટે કહું છું કે અણુ તો કુદરતના કાનૂનને આધીન છે, જ્યારે આપણે આપણાં અજ્ઞાનના મદમાં કુદરતના કાનૂનનો ઈનકાર કરીએ છીએ. પણ જેનામાં શ્રદ્ધા નથી તેને સમજાવી શકે એવી દલીલ મારી પાસે છે જ નહિ.

'એક વાર ઈશ્વરનું અસ્તિત્વ સ્વીકારો એટલે પ્રાર્થનાની આવશ્યકતા સ્વીકાર્યા વિના છૂટકો જ નથી. અમારું તો આખું જીવન પ્રાર્થનામય છે એવો મોટો દાવો કરીને અમુક સમયે પ્રાર્થના કરવા બેસવાની અમારે જરૂર નથી એવી દલીલ આપણે ન કરીએ. જે માણસોનો સઘળો સમય અનંતતા સાથે એકતારમાં ગયો છે તેઓએ પણ આવો દાવો નથી કર્યો. તેમનાં જીવન સતત પ્રાર્થનામય હતાં, છતાં આપણા જેવાની ખાતર તેઓ અમુક નક્કી કરેલે સમયે પ્રાર્થના કરતા ને દરરોજ ઈશ્વર પ્રત્યેની પોતાની વફાદારીની પ્રતિજ્ઞા લેતા. ઈશ્વરને આવી કશી પ્રતિજ્ઞા નથી જોઈતી પણ આપણે તો રોજ પ્રતિજ્ઞા લેવી જોઈએ. અને હું તમને ખાતરી આપું છું કે પ્રાર્થના, જો હોઠની નહિ, પણ હૃદયમાંથી હશે તો એ કરનાર માણસ, જીવનનાં બધાં દુ:ખોમાંથી મુક્ત થશે. એ તો, ટ્રેનની પાછળ ડબો જોડી દેવા જેટલું સહેલું છે.'

**- મહાદેવભાઈની ડાયરી ભા.૧૫**

**પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોવા માટે ત્રણ શરતો છે.**
(૧) પાણી ઉકળતું ન હોવું જોઈએ.
(૨) પાણી મલિન (ડહોળુ) ન હોવું જોઈએ. અને
(૩) પાણીમાં તરંગો ના હોવા જોઈએ.
બસ, એ જ રીતે આત્માના દર્શન કરવા હોય તો
(૧) મનમાં ક્રોધ ન હોવો જોઈએ.
(૨) મન મલિન ન હોવું જોઈએ. અને
(૩) મનમાં તૃષ્ણાઓના તરંગો ના હોવા જોઈએ.

## આ અંકમાં


| | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી-પુષ્પમાળા | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| બુદ્ધિથી ઈશ્વરને ઓળખાય નહિ | મહાદેવભાઈ | ૨ |
| તંત્રી લેખ-પ્રેમનો પીયાલો...ભા.૧૨ | રમેશ દોશી | ૩ |
| નિવૃત્તિ ક્યારે ? | મુનિશ્રી નેમિચંદ્રજી | ૫ |
| ગાંધી તરફ પાછું મોં ફેરવીએ | પુરુષોત્તમ માવળંકર | ૬ |
| ગોવધબંધી અને ગોસંરક્ષણ | ચીમનલાલ ચકુભાઈ | ૭ |
| રચનાત્મક કાર્યોનો થાક | મનસુખ સલ્લા | ૮ |
| સ્કૂલના આચાર્યનો પત્ર | દીપક ગોહિલ | ૮ |
| વેલ્યુ શું છે ?... | રીતેશ પોલડિયા | ૯ |
| બાજીરાવ પેશવાની મહાનતા | રોહિત શાહ | ૧૦ |
| આપણે ઉપવાસી રહીએ છીએ ? | શાંતિલાલ ગડા | ૧૦ |
| કચરાને કંચનમા ફેરવવાની કળા | | ૧૧ |
| નિ:સ્પૃહ વિદ્યાગુરૂ | મુનિશ્રી નેમિચંદ્રજી | ૧૨ |
| ગાંધીજીની પ્રચંડ ઊર્જા | રમેશ ઓઝા | ૧૨ |
| ચલી ચલી રે પતંગ મેરી ચલી રે | પંકજ ઉધાસ | ૧૩ |
| માનવ-મનની ઉત્તમ ધરોહર | કુમારપાળ દેસાઈ | ૧૪ |
| મહાત્મા ટૉલ્સ્ટૉય | ચિતરંજન વોરા | ૧૪ |
| ઋણ સ્વીકાર | શાંતિલાલ ગડા | ૧૫ |
| કવિતા | મકરંદ દવે | ૧૫ |
| વાર્તા-ફળની લારી | શાંતિલાલ ગડા | ૧૬ |

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.૧૨મો

એપ્રિલ ૧૭ થી મહાવીર નગર, ચિંચણીમાં સ્થિરવાસ શરૂ થયો. પહેલા દિવસથી જ સવાર-સાંજની પ્રાર્થના શરૂ થઈ. બંને સમય પ્રાર્થનામાં નિયમિત જવાનું થયું. સવારની પ્રાર્થના વાત્સલ્ય સદનમાં થાય છે ત્યાં એક કબાટમાં પૂ. સંતબાલજીનું પ્રાયઃ બધું સાહિત્ય રાખવામાં આવેલ છે.

ઑગસ્ટ-૨૦૧૭માં સવારની પ્રાર્થના પછી એક પુસ્તક સહજ નજર ફેરવવા હાથમાં લીધું. એ હતું ''ધર્માનુબંધી વિશ્વદર્શન ભાગ-૧૦''. ખાસ તો અવધાન કેમ શીખાય એ માટેનું આ પુસ્તક હતું. સમાધિ પર લાવ્યો અને સ્વાધ્યાય શરૂ કર્યો. અવધાન શીખવાની ઈચ્છા તો નહોતી જ પણ એમાં એક લેખ મળી ગયો. જે ઓક્ટો.૧૭ માં ગો.પા. માં લીધેલ છે. જેમાં સંતબાલજી લખે છે, ''કેટલાક માણસોને માતા પિતા કે સમાજના સંસ્કારો વગર જ આપ મેળે બોધ થઈ જાય છે. તેને સ્વયંબોધ થયો કહેવાય આની પાછળ પૂર્વજન્મના સંસ્કારો અને કર્મોનો ક્ષમોપશમ કારણભૂત હોય છે. તેમને સ્મૃતિની પરંપરાએ પોતાના સ્વરૂપની સ્મૃતિ થઈ જાય છે. આવી સ્થિતિમાં કોઈપણ આલંબન હોતું નથી. તેથી તેમની સ્થિતિ નિરાલંબન હોય છે. તે કોઈ ગુરુ પાસે દીક્ષા લેતા નથી પણ પોતેજ મુનિવેશ ધારણ કરે છે.''......

એક એવો નિર્ણય થયેલો છે કે આપણું દરેક પગલું શાસ્ત્રાજ્ઞા કે આગમ મુજબ હોવું જોઈએ / જરૂરી છે. અમે ૨૦૦૭/૨૦૦૮ અને ૨૦૦૯ થી ૨૦૧૪ આમ બે વાર મુનિવેશ સ્વયં ધારણ કરેલ, પણ મનમાં સંશય રહેતો હતો કે ક્યાંક આપણે શાસ્ત્રાજ્ઞાથી વિરુધ્ધ તો નથી કરતાં ને? એટલે બે વાર પાછા શ્રાવક વેશમાં આવી ગયેલા પણ આ લેખથી સમાધાન થયેલ કે સ્વયં દિક્ષીત થઈ શકાય છે પણ એ સમાજની સાક્ષીએ થવું જોઈએ.

આ વખતે પર્યુષણમાં ૧૮/૮ થી ૨૬/૮/૧૭ એમ નવ ઉપવાસ, નવાઈ કરેલ ત્યારે પરિવારજનો-મિત્રો પારણા પ્રસંગે આવેલા. ત્યારે બધાને સ્પષ્ટ કહેલ કે અમે હવે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે.

પરિવારજનો કહે વરસોથી તમે એક સ્વપ્ન જુઓ છો પણ કશું થયું નથી અને કશું થવાનું નથી.

અમે કહ્યું, ''ચાલો માનીએ, તમે કહો છો તેમ કશું થવાનું નથી, આ બધી ભ્રાંતિ છે. ભ્રાંતિ હોય તો કશું જ ન થાય એ વાત સાચી છે, અને ભ્રાંતિ હોય તો કશું કરવું પણ ન જોઈએ. પણ આ અમારી ભ્રાંતિ નથી જ. અમને આત્મજ્ઞાન, ભેદજ્ઞાન થયું છે, એ સ્પષ્ટ અનુભવ છે, એ સ્વપ્ન કે ભ્રાંતિ નથી પણ એક હકીકત છે, એમ અનુભવે અમે માનીએ છીએ. સાચુ હશે તો અમારું તો કલ્યાણ થઈ જ ગયું છે પણ સાથે આખા જગતનું કલ્યાણ થશે. સારા વિશ્વને લાભ થશે. અહિંસાનો જગતમાં જયજયકાર થશે. અને સમજી લો કે તમે કહો છો તેમ નથી જ થયું તો બીજાઓને નહિ પણ અમને તો લાભ જ થશે. કેમકે આ પ્રયોગમાં અમે ચિંચણ સમાધિસ્થાને જ સ્થિર બેસવાનું નક્કી કરેલ છે. આ માટે પ્રચાર પ્રસાર કરવા ક્યાંય જવાના નથી. કશું જ ન થાય તો ભ્રાંતિથી જે કર્મબંધન થાય છે તેથી અમે સ્વયં બચી જઈશું. જગત એક કુગુરૂથી બચી જશે. આથી અમને સ્વયં તો બંને રીતે લાભ જ થવાનો છે. એટલે પ્રયોગ તો કરવો જ રહ્યો, પ્રયોગ ન કરવાથી તો માત્ર ને માત્ર નુકશાન જ છે.

૨૭.૯.૧૭થી આયંબિલ ઓળીનો પ્રારંભ થયો. ઘણા વરસોથી બંને ઓળી થાય છે. અહિં સંસ્થામાં તો અમે એકલા જ હતા છતાં આખી ઓળી નવ આયંબિલની પુરી થઈ ત્યાં પ્રેરણા થઈ કે આ ચાલુ જ રાખો અને એમ ૨૭.૯.૧૭ થી ૩.૧૧.૧૭ એમ પ્રથમ વાર જીવનમાં સળંગ ૩૮ આયંબિલ થયા. ૪.૧૧.૧૭ના પરમકૃપાળુ શ્રીમદ્‌રાજચંદ્રના જન્મ દિવસે ઉપવાસ રાખેલ.

ઈડર ૨૦૦૬ના મૌન ચાર્તુમાસમાં સ્પષ્ટ નિર્ણય થયેલ કે સર્વસંગ પરિત્યાગ કરવો જ. 'કશું જ ન કરવાનો' સતત ભણકારો હંમેશા રહ્યો જ અને હવે સંતબાલજીના લેખથી સમાધાન પણ થયું. આ તીવ્ર જિજ્ઞાસા સાથે તપોમય પ્રાર્થના શરૂ થઈ અને નિર્ણય થયો કે હવે દીક્ષા લેવી જ એથી ૧૨.૯.૧૭ના મહાવીર નગર આં.કેદ્રના પ્રમુખને એક પત્ર લખ્યો. એમાં લખેલ કે, ''વરસોથી ખાસ તો ૨૦૦૬થી જે દીક્ષાની ભાવના હતી, આજે પણ છે, તેનો સમ્યક્ ઉકેલ પૂ. મુનિશ્રી સંતબાલજીના લેખમાં સહજ મળી ગયો. અમારું પૂર્ણ સમાધાન થયું.''

૧૯૯૯નું મૌન ચાર્તુમાસ અહિં જ ચિંચણી સમાધિસ્થળે થયેલ ત્યારે અવાજ હતો કે 'કશું જ ન કરવું. માત્ર જ્ઞાતાદ્રષ્ટા રહી અહિં જ સ્થિર રહો' પણ કેટલાક કર્તવ્ય-ભોગાવલિક કર્મ બાકી હતા. પાત્રતા હજી પુરેપુરી નહોતી થઈ તેથી સ્થિર કેમ થવાય? નિસર્ગ બહુ ઝીણવટથી આપણને જાણે છે તેથી પાત્રતા પાક્યે ૨૦૧૭માં હવે આ યોગ આવ્યો છે.

અમે જે પણ પગલું હવે લઈએ એમાં સંસ્થાની સહમતિ જરૂરી છે. અમે સ્વયં દીક્ષિત થઈશું, પણ કોઈ પંચમહાવ્રતધારી મુનિ દીક્ષાનો પાઠ ભણાવે એવું બને કદાચ, પણ અમે એના સંપ્રદાયના કે એમના શિષ્ય નહી ગણાઈએ, અમે શિષ્ય તો માત્ર અને માત્ર ''શ્રીમદ્ રાજચંદ્ર'' ના જ છીએ અને હંમેશા રહેવાના. સંસ્થાની

સહમતિ એટલા માટે જરૂરી છે કે આ દીક્ષા પછી પણ અહિં જ સમાધિ સ્થાને સ્થિરવાસ કરવાનો વિચાર વર્તમાનમાં છે. એટલે સંસ્થાની સહમતિ જરૂરી છે.

અમારો નિશ્ચય અફર છે એટલું જાણ માટે.

આપનો જે પણ જવાબ આવશે તે અમારા હિતનો જ હોવાનો એવી પરમ શ્રધ્ધા ખાત્રી છે. એટલે અમે નિશ્ચિંત છીએ.''

ગાંધીજીએ કહ્યું છે કે સત્ય અહિંસાનો પ્રયોગ કોઈ નવો પ્રયોગ નથી આપણા ઋષિમુનિઓએ અનુભવ સિધ્ધ આ પ્રયોગો કર્યા છે. પણ વિજ્ઞાનના યુગમાં વિજ્ઞાનની રીતે, વિજ્ઞાનની ભાષામાં સમજાય એમ આ વખતે આ પ્રયોગ થવાની સંભાવના છે.

આ વખતે નવાઈના પારણામાં બધા કુટુંબીઓ આવેલા. બધાની સાથે વિગતવાર આ બાબત સહુને જણાવી દીધી છે. આમ પણ અમે કુંટુંબનો ત્યાગ નથી કરતા પણ વસુધૈવ કુટુંબકમ માં અમારો પ્રવેશ થવા જઈ રહ્યો છે. (૧૧.૯ નો પત્ર પુરો)

૧૧.૯.૧૭ ના આ પત્રથી પ્રમુખશ્રીને સંતોષ થયો એમ લાગ્યું. ફરી ફોન કરી જણાવ્યું કે આને આકાર મળે એ માટે કશું વિચાર્યું છે ? એમણે રામજીભાઈ ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી યોગેશભાઈ બાવીશીને રૂબરૂ મળવા મોકલ્યા. વાતો થઈ. કુંડળી-કુંટુંબ સહમતિ મળે તો કારતક પુનમ પછી ગોઠવણ થાય.

તપોમય આયંબિલ પ્રાર્થના ચાલુ જ હતા. ત્યાં દિવાળીના દિવસે જ એક નિર્ણય થયો અને એ માટે ૧૯.૧૦.૧૭ અને ૨૫.૧૦.૧૭ એમ બે પત્રો ટ્રસ્ટીઓને લખાણા. એમાં લખ્યું.

''આમ તો સાધુતાની ટ્રેનીંગ અમે ચાલુ કરી જ દીધી છે. કારતક પુનમ સુધી આયંબિલ ચાલશે. આપણે જે માર્ગે જવા તૈયાર થયા છીએ એ સમ્યક હોય, શાસ્ત્ર સમ્મત હોય તે માટે આ તપોમય આયંબિલ ચાલુ કરેલ. અને એનો સાચો જવાબ દિવાલીના દિવસે મળ્યો છે જે આવો છે.

કારતક વદ ૨થી અમો દસમુંવ્રત ધારણ કરશું. એમાં વેશ સ્થાનકવાસી જૈન સાધુ જેવો, આવતા જતા, ગોચરી માટે જતા મુખે મુહપતિ હોય, એક સમય આહાર, પાદવિહાર, લોચ, અપરિગ્રહ, બ્રહ્મચર્ય એમ પંચમહાવ્રતના બધા જ નિયમો સહજ પાળવાના હોય છે. દસમુંવ્રત એટલે સાધુતાની ટ્રેનીંગ. આ પણ એક જાતનો સન્યાસ જ છે. એની મુદત ગુડી પાડવા (ચૈત્ર સુદ ૧) સુધીની છે પણ અમારે મન એ જીવનભરનું વ્રત (હશે) છે.

તપોમય પ્રાર્થના ચાલુ છે ત્યાં જ આવો સમ્યક્ જવાબ મળ્યો છે, તો આપણા-વિશ્વના સહુને હિતકારક હશે તેવો માર્ગ આગળ ઉપર ઈશ્વર-અંતર સુઝાડશે જ એટલી પરમ શ્રધ્ધા છે, એવી પુરી શક્યતા અહિંના પરમાણુમાં છે જ. એ શ્રધ્ધા અને અદ્રશ્ય શક્તિઓના સહારે જ આ પ્રયોગ થવા જઈ રહ્યો છે.

અત્યાર સુધી જીવનમાં ઘણા નિર્ણયો અંતર અવાજ મુજબ થયા છે. અને તેનો અમલ પણ થયો છે પણ એમાં ક્યાંક થોડી કચાશ રહી ગયેલ પણ કુદરત કહો કે ગુરૂકૃપાએ એ ભૂલો સુધરી પણ ગઈ છે અને એથી આત્મ વિકાસ પણ થયો છે. આ પ્રથમ વખતે છે કે દીક્ષાની વાતમાં થોડી ઉતાવળ થવા જઈ રહી હતી, એ ભૂલ થતા પહેલાં જ સુધરી ગઈ. એનું કારણ આ તપોમય પ્રાર્થના અને આ સમાધિસ્થાન અને પૂ. ગુરૂદેવની ચેતનાનો એમાં મુખ્ય ભાગ રહ્યો છે એમ આત્મા સાક્ષી પુરે છે.

આજ સુધી વેશ પરિવર્તન ત્રણેકવાર થયા છે. આ વખતે કુંટુંબ પરિવાર-સમાજ-મિત્રોની હાજરીમાં આ પરિવર્તન કરવાનું નક્કી કર્યું છે. સમાજની હાજરી અને આશીર્વાદ એ પણ જરૂરી છે. (૨૫.૧૦નો પત્ર પુરો થાય છે.)

આમ તારીખ-વાર-સમય અમે જાતે જ જ્યોતિષ કે ચોઘડીયુ જોયા વગર નક્કી કરી લીધેલા. આમ તો સાવ સાદો પ્રસંગ જ કોઈ વિધિ વિધાન વગર થવાની કલ્પના હતી. પણ કુદરતની ઈચ્છા કંઈક જુદી જ હતી.

સહજ ગુણાનુરાગી ગુણવંતભાઈ બરવાળીયાએ સામેથી ફોન કરીને સુચન કર્યું કે તમને ભલે નાનો લાગતો હોય પણ આ પ્રસંગે કોઈ સાધુ-સંતની હાજરી હોય તો ઉત્તમ.

અમે બોયસર-દહાણુમાં પ્રયત્ન કર્યો પણ શક્ય ન બન્યું. ગુણવંતભાઈને જણાવ્યું કે સાધુસંતની હાજરી શક્ય નથી પણ ઉંમરગામમાં મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી મ.સા. સ્થિરવાસમાં રહે છે. એને માટે વિચારી શકાય ખરૂં ગુણવંત ભાઈ કહે એ તો મારા પરિચિત છે. ત્રણ ચાર વાર જ્ઞાનસત્રમાં આવી ગયા છે. એમણે જ પછી વાત કરીને એમનું ગોઠવી આપ્યું અને એમ ૫.૧૧.૧૭ના સવારે શુભમુહુર્તમાં કુટુંબ, પરિવાર, મિત્રો, ટ્રસ્ટીગણની હાજરીમાં પૂ. મુનિશ્રી મુગેન્દ્ર વિજયજીના મુખે દસમા વ્રતનો પાઠ ભણાવવાનો પ્રસંગ સંપન્ન થયો. એમ કહી શકાય કે પૂ. મુનિશ્રીની હાજરીથી પ્રસંગને ચાર ચાંદ લાગી ગયા. ગુણવંતભાઈની સાચી ભાવના હતી તેથી જ સાવ છેલ્લી ઘડીએ પણ આવી શ્રેષ્ઠ વ્યવસ્થા થઈ. આ બધું ગુરૂકૃપાનું જ ફળ છે.

ગયા અંકમાં જે ''યાદગાર સંભારણા'' લેખમાં લખાયેલ છે કે ''રમેશભાઈ દોશીએ આજે સંયમ પંથે

પ્રયાણ કર્યું છે. શ્રીમદ્ રાજચંદ્રજીના વચનોનો જ આ પ્રભાવ હતો એટલે જ ગુરૂપદે શ્રીમદ્જીને જ બિરાજમાન કરીને રમેશભાઈએ આ મુનિવેશમાં જીવનને રૂપાંતરિત કર્યું છે.''

આ સંયમપંથ એટલે દસમુંવ્રત આમાં પંચમહાવ્રતધારીના પ્રાપ્ત બધા જ નિયમો તો પાળવાના જ હોય છે. આને આપણે લર્નીંગ લાયસન્સ ગણીએ. પાકુ લાયસન્સ તો વિધિવત પંચમહાવ્રત દીક્ષા જ ગણાય, જે હજી બાકી છે. આટલો ખુલાસો જરૂરી છે.

જૈન સાધુનો નિયમ છે કે એક જ સ્થાને ચાર્તુમાસ સિવાય ત્રીસ દિવસથી વધુ રહેવાય નહી. એકલા સાધુને વિહાર કરવાની પણ મનાઈ છે. બે સાધુ તો હોવા જ જોઈએ. અમારો પ્રથમ નિર્ણય એ જ હતો કે અમે સ્થિરવાસમાં તો અહિં ચિંચણીમાં જ રહેવાના છીએ અને અમે એકલા જ છીએ. આ બંને નિયમ વિધિવત દીક્ષા લીધી હોત તો પાળવા શક્ય નહોતા. એથી દસમાવ્રત લેવાથી આપણે જે કરીએ છીએ તે દોષરહિત છે અને દીક્ષાથી કર્મબંધ વધારે થાત તેથી બચી ગયા. આ મોટો ફાયદો થયો છે. જીવનમાં વિધિવત દીક્ષા લેવાની ભાવના તો છે જ પણ ત્યાં સુધી આ દીક્ષા જેવું સહજ શાસ્ત્ર સમ્મત જીવન શરૂ થયું છે તેનો સમાધાન સંતોષ છે, હવે સંશય નથી તેથી આનંદ માણી રહ્યા છીએ એ અમારે માટે તો મોટો લાભ જ છે. ગુરૂકૃપાનો આ અદ્ભૂત મહિમા છે.

શું પ્રભુચરણ કને ધરૂ - આત્માથી સૌ હીન.
તે તો પ્રભુએ આપ્યો વર્તુ ચરણાધીન

**શ્રીમદ્જી - તંત્રી.**

## નિવૃત્તિ ક્યારે ?

સાધુએ નિવૃત્તિ ક્યારે કરવી જોઈએ ? એનો જવાબ એ છે કે પ્રવૃત્તિમાં પડ્યા પછી દોષો લાગવાની સંભાવના હોય ત્યારે નિવૃત્તિ કરી શુદ્ધિ કરવી જોઈએ એક મશીન ચાલુ હોય તો તેનો એન્જીનીયર નિવૃત્ત હોય પણ તે બગડે કે અટકે તો તેણે જઈને સુધારીને ચાલુ કરવું જ જોઈએ. એવી જ રીતે વિશ્વયંત્રનો એન્જીનીયર સાધુ, તે ચાલે ત્યારે માત્ર નિરીક્ષણ કે ચોકી જ કરશે પણ જ્યારે વિશ્વનું યંત્ર બગડ્યું હશે, હિંસાદી અનિષ્ટોના કારણે અવ્યવસ્થા ઊભી થઈ હશે ત્યારે તે ક્ષણનો પણ પ્રમાદ ર્ક્યા વગર તેને સુધારવા પ્રયત્ન કરતો રહેશે. જો તે વખતે જરા પણ પ્રમાદ કરશે તો તેનું કટુફળ તેને અને સમાજને ભોગવવું પડશે. આજના યુગે તો વિશ્વ યંત્ર ઘણું બગડયું છે; ત્યારે સાધુસંસ્થાએ યુગની માંગ પ્રમાણે તેને સુધારવા, સિધ્ધાંત અને મર્યાદા જાળવીને ઝંપલાવવું જ પડશે. આ યંત્ર ઘણા સમયથી બગડી રહ્યું છે. ઈતિહાસના પાને યુરોપનો ઈતિહાસ જોતાં એ જણાઈ આવશે કે જ્યારે સાધુસંસ્થાએ સમયસર નહિં ઝંપલાવીને રાજ્યાશ્રયે જવું પસંદ કર્યું ત્યારે તે લોકો અને લોકસેવકોને જાગૃત ન કરી શકી. પરિણામે ધર્મસંસ્થા, રાજ્યના હાથા રૂપે બની ગઈ અને રાજાઓ ધર્મના નામે રાજ્ય વધારવા માટે લાખોની કતલ કરવા લાગ્યા તોયે તેના સભ્યો કાંઈ ન બોલ્યા. એવી જ રીતે ભારતમાં જે સાધુઓ હતા તેમણે બ્રાહ્મણો (લોકસેવકો) કે લોકોને મુસ્લિમ-રાજ્ય સમયે પ્રેર્યા નહીં. પરિણામે તેઓ રાજ્યના હાથા બન્યા અને લાખો લોકોની કતલ થઈ, લૂંટફાટ થઈ છતાં કંઈ ન કરી શક્યા અને અત્યાચાર મૂંગે મોંઢે સહન કરી લીધા.

યુરોપમાં ધર્મગુરુઓની વિરૂદ્ધ પ્રવૃત્તિ હતી ત્યારે ભારતમાં ખોટી નિવૃત્તિ હતી. બન્ને સ્થળે વિશ્વ-યંત્રો બગડ્યાં અને ધર્મગુરુઓએ તેને સુધાર્યાં નહીં; એને લઈ ને અવ્યવસ્થા થઈ. આજે તો ધર્મગુરુઓએ ઈતિહાસ ઉપરથી બોધપાઠ લઈને સ્પષ્ટ માર્ગની પ્રવૃત્તિઓ હાથ ધરવી પડશે તો જ બગડેલું વિશ્વયંત્ર સુધરી શકશે. એકવાર એ સુધરીને ચાલુ થઈ ગયા બાદ સાધુસંસ્થાને માત્ર નિરીક્ષણ કે ઈશારો કરવાનું ઘણું થશે.સંત વિનોબાજીનું કહેવું છે કે: ''ભમરડો જ્યારે ખૂબ જ વેગથી ફરે છે ત્યારે નિશ્ચળ અને નિવૃત્ત દેખાય છે. જ્યારે સ્થિર થવા માંડે છે ત્યારે ફરતો-(પ્રવૃત્તિ કરતો) જણાય છે. એવી જ રીતે સાધુસંસ્થાએ આજે બગડેલા અનુબંધો સુધારવા અને તૂટેલા જોડવા માટે ઉગ્ર પાદવિહાર કરી લોકઘડતરનું કાર્ય સાધી, સમાજને સ્વસ્થ કરવા એટલી જોશથી પ્રવૃત્તિ આદરવી પડશે કે તે પ્રવૃત્ત છતાં નિશ્ચળ લાગે અને જો તે નિવૃત્ત થવા લાગે તો સમાજને તે દોષથી ઘેરાયેલો, આળસુ અને અકર્મણ્ય લાગશે. આજે અનુબંધનું કામ એટલું બધું છે કે તે જિંદગીભર સતત રહેશે. કારણ કે વિશ્વયંત્ર સુધરશે તેમ પાછું બગડશે અને ફરી તેને સુધારીને ચાલુ કરવું પડશે. આમ બગડવાની અને સુધારવાની ક્રિયાથી કંટાળીને 'આ સુધરશે જ નહીં' કરીને કોઈ પાછા ન પડે; એ જ ધ્યાન રાખવાનું છે.'' સાધુસંસ્થાના પુરુષાર્થે અધર્મ-અનિષ્ટોની પ્રતિષ્ઠા તૂટે છે; ધર્મની પ્રતિષ્ઠા થાય છે. તેથી જગતમાં શુદ્ધિ થતી રહે છે. ઘર રોજ સાફ કરવું પડે તેમ સાધુસંસ્થાએ પણ વારા ફરતી આવા વિશ્વરૂપી ઘરને સાફ કરતા જ રહેવાનું છે. એનાથી જ જગત ટકે છે અને સુવ્યવસ્થિત રહે છે. એટલે વિશ્વયંત્રને સુધારવા સાધુસંસ્થાએ સ્પષ્ટ માર્ગ અપનાવી પોતાની ઉપયોગિતા ટકાવી રાખવાની છે.

**- મુનિશ્રી નેમિચંદ્રજી, 'ધર્માનુંબંધી વિશ્વદર્શન' ભાગ ૩.**

# ગાંધી તરફ પાછું મોં ફેરવીએ

(વ્યાખ્યાન ભલે ૧૯૭૫માં અપાયેલ છે, આજના પ્રસંગે પણ એટલું જ જરૂરી લાગે છે... - સં.)

ફરી એક વાર બીજી ઑક્ટોબર આપણા સૌ માટે આવી ઊભી છે. અને વળી આ સરદારની જન્મશતાબ્દીનું વર્ષ છે. એટલે આપણે સહુએ બમણા જોશથી, સવિશેષ સ્ફૂર્તિથી, આજનો દિવસ ઊજવવાનો છે. અને પ્રસંગના ગૌરવમાંથી જરૂરી પ્રેરણાભાવ મેળવવાનો છે.

હવે, ભારત તો એનું એ જ છે! એ જ આકાશ, રંગો ને એ જ આબોહવા ! ચોતરફથી વાદળાઓ સનાતન સંદેશાઓ લાવે છે, રેલાવે છે, અને લઈ જાય છે. છેલ્લા થોડા વખતથી, જો કે, કેટલાક બનાવો દેશમાં એવા બની રહ્યા છે કે ફરી એક વાર વધારે ઉત્કટતાથી ગાંધીને યાદ કરવાનું-સમજવાનું જરૂરી બની રહે છે.

જગપ્રખ્યાત બ્રિટિશ ઈતિહાસવેતા આર્નોલ્ડ ટોયન્બી પોતાના તાજેતરના એક પુસ્તક ''સરવાઈવીંગ ધી ફ્યુચર'' માં વિશ્લેષણ કરતાં કહે છે કે ભાવિ વિશ્વને માટે હવે એ વધારે જરૂરી બન્યું છે કે લોકો ગાંધીની વાતને સમજવા પ્રયત્ન કરે, એણે કહ્યું, 'ગો બેક ટુ ગાંધી!' એ એમ કહેવા માંગે છે કે આપણે ગાંધી તરફ એટલા માટે પાછા વળવું જોઈએ કે જેથી માનવતાની દિશામાં, સ્વતંત્રતા તરફ, નિર્ભયતા તરફ આપણે સહુ હરખથી અને શ્રદ્ધાપૂર્વક આગળ ધપી શકીએ!

ગાંધીજીએ સ્વરાજ્યની વાત કરી. ભારતની સ્વતંત્રતા મેળવવા એમણે અનોખી લડત ચલાવી એની પાછળ મુખ્ય બે વાતો એમણે મૂકી હતી : એક તો, ભારતની આઝાદી વિશ્વશાંતિ માટે જરૂરી છે; વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના સ્થપાય એ માટે પણ ભારતને સ્વતંત્ર રાખવું જોઈએ. ભારતની પરાધીન અવસ્થા વિશ્વના સ્વસ્થ વાતાવરણ માટે જોખમકારક છે. અને બીજું, ભારત આઝાદ હોય તો દેશનો નાનામાં નાનો મનુષ્ય પણ સ્વમાનથી જીવી શકે. હું સ્વતંત્ર હોઉં તો જ મારું સ્વત્વ ખીલી ઊઠે, મારી સમગ્ર શક્તિ રાષ્ટ્ર અને વિશ્વના વિકાસમાં સક્રિય રચનાત્મક ફાળો આપી શકે. આમ લોકશાહીની જ એ હેસિયત છે; એની ખૂબી એ છે કે દેશનો સામાન્યમાં સામાન્ય નાગરિક પણ સ્વતંત્રતા અનુભવી શકે એવી દેશની આબોહવા સર્જાવી ઘટે. પ્રૉફેસર હૅરલ્ડ લાસ્કીને કોઈકે પૂછ્યું કે બ્રિટનની લોકશાહી વિશે તમારું શું કહેવું છે, તો તેના જવાબમાં લાસ્કીએ કહ્યું કે મને પૂછવાનો બહુ અર્થ નથી. પણ બહાર નીકળીને પેલા શેરીને નાકે બેઠેલા મોચીને પૂછી જુઓ, અને તમને દેશની લોકશાહીની પરિસ્થિતિનો સાચો ખ્યાલ એના જવાબ પરથી મળી જશે! તો આ છે સ્વતંત્રતાની - લોકશાહીની કસોટી. સામાન્ય માનવીને અનુભવ થવો જોઈએ કે એ સ્વતંત્ર દેશનો નાગરિક છે. કમભાગ્યે, આજે એમ લાગતું નથી. વધારામાં, આજકાલ તો, ગાંધીજીનાં વાક્યો ટાંકવાનું પણ મુશ્કેલ બની જાય એવી પરિસ્થિતિ પેદા થઈ છે! પણ આજે તો ગાંધીજીનો પ્રત્યેક બોલ સ્મરણમાં રાખવાનો દિન છે, ગાંધીજીએ એક વાર પ્રતીકાત્મક ભાષામાં સુંદર અને સ્પષ્ટ રીતે કહેલું તે યાદ આવે છે. એમણે એ મતલબનું કહ્યું કે સાચી લોકશાહી, સાચી સ્વતંત્રતા ત્યારે આવી ગણાય કે જ્યારે એક હરિજન દેશના રાષ્ટ્રપ્રમુખપદે આરૂઢ થયો હોય.

આજે આ પવિત્ર સ્થળે પ્રાર્થનાસભામાં એકઠા થયા છીએ, તો પ્રાર્થનાનું મહત્ત્વ પણ સમજીએ. પ્રાર્થનામાં ભારે બળ હોય છે. પ્રાર્થના માનવીને અંતર્મુખ કરે છે એટલું જ નહીં પણ એનું આંતરબાહ્ય જીવન સ્વચ્છ કરે છે. પ્રાર્થનાના શબ્દો સમજીએ, તપાસીએ અને એને અનુરૂપ જીવનના દરેક ક્ષેત્રમાં વ્યવહાર ગોઠવીએ. જોન બનિયને ખૂબ સૂચક રીતે કહ્યું કે હું જેમ જેમ આધ્યાત્મિકતા તરફ જતો જાઉં છું તેમ તેમ મારી સ્થિતિ-ખામીઓ વધુ સ્પષ્ટ જોઈ શકું છું અને મારે કેવા થવાનું છે તેનો પણ ખ્યાલ મળતો જાય છે. પ્રાર્થનાથી મન આધ્યાત્મિકતાને વરે છે, એમાંથી મોટી શક્તિ મળી રહે છે. પણ બલિહારી તો એ છે કે આપણને પ્રાર્થના માટે ય પૂરતો સમય મળતો નથી!

આપણે ઘણું બધું કામ કરીએ, ખૂબ સમય-શક્તિ અજમાવીએ પણ એ બધું ખોટી દિશામાં હોય તો પ્રગતિ તો ન જ થાય પણ કદાચ અધોગતિ તરફ જઈએ ખરા. તો, આ સંદર્ભમાં ટોયન્બીનું કહેલું ''ગો બૅક ટુ ગાંધી'' સમજીએ. આપણા વ્યક્તિગત અને જાહેરજીવનમાં ગાંધીના પંચશીલ - સચ્ચાઈ, સભ્યતા, સેવાપરાયણતા, સન્નિષ્ઠા અને સાદાઈને સ્વીકારીએ! ગાંધીજીએ આ પંચશીલ જીવી બતાવ્યું - એમની પરિણતશીલ પ્રજ્ઞા વડે અને પુરુષાર્થયુક્ત પ્રયોગશીલતા સાથે! બાપુનું આ પંચશીલ એ કોઈ ઔપચારિક દસ્તાવેજ નહોતો, કે નહોતી એમાં કશી આડંબરભરી વાણી-વિચાર વિલાસિતા! સત્યને સતત વરેલા એક મહામાનવની એ ક્ષણેક્ષણની મથામણ અને સિદ્ધિ હતી - એ દિશામાં આપણે થોડાંક ડગલાં માંડી શકીએ, તો જ બાપુના આત્માને સાચો હરખ થાય અને એમની જયંતી આપણે સાથે ઊજવી ગણાય!

**- પુરુષોત્તમ માવળંકર, ''શાશ્વત ગાંધી'' માંથી સાભાર**

**ગાવો વિશ્વસ્ય માતરઃ**

# ગોવધબંધી અને ગોસંરક્ષણ

આ બાબતમાં માત્ર કાનૂન કરવાથી ગોવધબંધી કે ગોસંરક્ષણ થવાનું નથી. તેથી માત્ર ભૂમિકા તૈયાર થાય છે. લોકોની ફરજ છે કે આ બાબતમાં તેઓ પૂરો સહયોગ આપે. વિનોબાજીએ પણ આ વાત પર ભાર મૂક્યો છે.

એક એવો ખોટો ખયાલ છે કે માંસાહાર બંધ થશે તો લોકો ભૂખે મરશે, કારણકે અનાજ પૂરતું નથી. માંસાહાર સંપૂર્ણ બંધ કરવાની વાત નથી. માત્ર ગાય અને ગોવંશ પૂરતી વાત છે. બીજો ખોટો ખયાલ એ છે કે ગાય દૂધ દેતી બંધ થાય કે વૃદ્ધ થાય પછી તેને નભાવવી આર્થિક રીતે નુકસાનકારક છે. માત્ર આર્થિક દૃષ્ટિએ વિચારીએ તોપણ આ દલીલ સર્વથા પાયા વિનાની છે, પણ આધ્યાત્મિક અને નૈતિક દૃષ્ટિને પાયારૂપ ન બનાવીએ તો વિચારવમળમાં ગૂંચવાયા કરીએ. એ ખરું છે કે આ દૃષ્ટિએ બધી જીવહિંસા રોકવી જોઈએ, પણ બધી રોકી ન શકીએ માટે આટલું પણ ન કરવું એવી ભ્રમણામાં ન પડીએ.

થોડા વખતથી એક નવું તૂત ઊભું થયું છે. પશ્ચિમનું અનુકરણ કરી, ગાયોનું કૃત્રિમ ગર્ભાધાન કરાવવાનો ચાળો ઊપડ્યો છે. તેથી દૂધનું ઉત્પાદન વધે છે એમ કહેવાય છે. પશ્ચિમમાંથી ત્યાંના સાંઢોનું વીર્ય મંગાવી, ગાયોનું કૃત્રિમ ગર્ભાધાન કરવાનું શરૂ થયું છે અને કહેવાતા ગોસેવકોએ આ શરૂઆત કરી છે. આ રીતે દૂધનું ઉત્પાદન કાંઈક વધે છે, પણ બીજાં ભયંકર પરિણામો આવે છે. ગાય નિર્બળ થાય છે. તેનાં સંતાન નિર્બળ થાય છે. ગાય માત્ર દૂધ ઉત્પન્ન કરવાનું યંત્ર હોય તેમ તેના પ્રત્યે વર્તન થાય છે. કામવાસનાની તૃપ્તિ વિના સંતાનોત્પતિ કરવી તેનાં માનસિક, શારીરિક અને નૈતિક પરિણામો ભયંકર છે.

વિનોબાજીએ આ વાતનો સખત વિરોધ કર્યો છે. પશ્ચિમમાં ગાય પ્રત્યે માત્ર આર્થિક દ્રષ્ટિ છે. માંસ અને દૂધ માટે જ ગાયનો ઉપયોગ છે. ખેતીપ્રધાન ભારતમાં ગાયનો ઉપયોગ અને ઉપરકારકતા પશ્ચિમ કરતાં તદ્દન જુદાં છે તે વાત પ્રત્યે દુર્લક્ષ થાય છે. ત્યાં બળદની જરૂર નથી. આપણે ત્યાં દર વર્ષે લાખો બળદની જરૂર છે. આપણું અર્થતંત્ર બળદ પર નિર્ભર છે. પશ્ચિમમાં ગાયને વાછડો જન્મે તો તુરત કતલખાને મોકલે છે. કૃત્રિમ ગર્ભાધાનથી થતા વાછડા અતિનિર્બળ હોય છે. તેથી આપણે ત્યાં કૃત્રિમ ગર્ભાધાન કરાવતી વ્યક્તિઓ વાછરડાને મારી નાખે છે અથવા મરવા દે છે. ગાય એક યંત્ર પેઠે સંતાન પેદા કરે અને સંતાન પ્રત્યે વાત્સલ્ય દાખવવાની કે તેનો ઉછેર કરવાની તેને તક ન અપાય તે કેટલી મોટી ક્રૂરતા છે તેનો થોડો વિચાર કરતાં પણ ધ્રૂજી ઊઠીએ, પણ વિરોધ છતાં, આ પ્રયોગ કહેવાતા ગોસેવકોએ શરૂ કર્યો છે.

આ વિષયે એટલા માટે લખ્યું છે કે જૈનો જીવદયા પાછળ લાખો રૂપિયા ખર્ચે છે, પણ મોટે ભાગે તેનો દુર્વ્યય થાય છે. કતલખાનેથી પશુ છોડાવવાં એ જ પુણ્ય મનાય છે, પછી તે પશુનું શું થાય છે તે કોઈ જોતું નથી. પાંજરાપોળો મોટે ભાગે જૈનો અને વૈષ્ણવો ચલાવે છે. તે રેઢિયાળ રીતે ચાલે છે. તેમાં વ્યવસ્થા નથી, દીર્ઘદૃષ્ટિ નથી. પ્રજાકીય ધોરણે પુરુષાર્થ કરવાની જરૂર છે. વિનોબાજીએ ગો-સદનો રચવાં, ગોબરમાંથી ગેસનું ઉત્પાદન કરી તેનો ગામડેગામડે ઉપયોગ કરવો વગેરે યોજનાઓ ઘડી છે. જૈનો જીવદયા પાછળ લાખો રૂપિયા ખર્ચે છે, તેનો આવી રચનાત્મક દિશામાં ઉપયોગ થાય તે જરૂરનું છે. અહિંસાપ્રેમીઓ પોતાનો ધર્મ વિચારે અને કામે લાગે. ગોવધબંધીના અનુસંધાનમાં સર્વ જીવ પ્રત્યે કરુણા અને અહિંસાનો વિચાર કરીએ. ધાર્મિક દ્રષ્ટિએ દલીલો કરવાની રહેતી જ નથી. આ જ ધર્મ છે, માનવતા છે, પણ આપણે પ્રમાદથી, સ્વાર્થથી, વિનાકારણ ટાળી શકાય એવી હિંસા કરીએ છીએ તે તરફ આપણું લક્ષ નથી. આપણા બંધારણમાં ફેરફારો થાય છે તેમાં નાગરિકની મૂળભૂત ફરજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્વર્ણસિંઘ સમિતિએ આઠ ફરજો બતાવી હતી. તેમાંની ઘણી ફેરવી નાખી છે. એક ફરજ નવી મૂકી છે. તે વાંચી ખૂબ આનંદ થયો. તે આ પ્રમાણે છે :

**''ભારતના દરેક નાગરિકની ફરજ રહેશે કે વનો, સરોવરો, નદીઓ અને વન્યપ્રાણીઓ સહિત કુદરતી પ્રદેશોની રક્ષા કરવી અને તેને સુધારવી તેમ જ બધા જીવો પ્રત્યે કરુણા રાખવી.''**

પ્રદુષણથી માણસને ઘણી હાનિ થાય છે, એટલું જ નહિ, પણ પારાવાર હિંસા થાય છે. આવું પ્રદૂષણ રોકવું, એટલું જ નહિ, પણ (સક્રિય રીતે) બધા જીવો પ્રત્યે કરુણા રાખવી એ દરેક નાગરિકની મૂળભૂત ફરજ બને છે. તેનો અમલ થાય તો આ ભારતવર્ષમાં અહિંસાનો જયજયકાર થાય. સરકાર પણ અનેક પ્રકારે હિંસાનું કામ કરે છે. માંસની મોટા પાયા પર નિકાસ થાય છે. દેડકાઓનાં જીભ તથા પગ, પક્ષીઓ, સર્પ અને અન્ય પ્રાણીઓની ચામડી વગેરેની નિકાસ થાય છે તે હવે બંધ થાય અને નાગરિકની મૂળભૂત ફરજ સર્વ પ્રાણીઓ પ્રત્યે કરુણાનો સરકાર પોતે અને આપણે સૌ અમલ કરી સુંદર દાખલો બેસાડીએ એવી પ્રાર્થના.

**- ચીમનલાલ ચકુભાઈ શાહ, સૌ. ''જેસ્પા''**

## રચનાત્મક કાર્યનો થાક

લાંબા વખત સુધી રચનાત્મક કાર્યોમાં, શિક્ષણ ક્ષેત્ર કે સમાજહિતના ક્ષેત્રે સક્રિય રહેનાર વ્યક્તિઓમાંથી કેટલાક પાછલી અવસ્થામાં થાક અનુભવે છે. જે ઈચ્છ્યું હતું, જે સ્વપ્નાં સેવ્યા હતાં, જે આદર્શો માટે મથ્યાં હતા, તેમાંથી થોડું જ કરી શક્યાં, ઘણું ઘણું બાકી રહી ગયું એવો ભાવ મન પર ચડી બેસે છે. એનું પહેલું પરિણામ એ આવે છે કે લખવું-વાંચવું-બોલવું તેમને નિરર્થક લાગે છે. કેટલાક વડીલો તો ત્યાં સુધી બોલે છે કે 'આવું લખવું એ કાગળ-શાહી-સમયનો બગાડ છે. હવે કોઈને વાંચવાનો વખત નથી, હવે કોઈને આદર્શ વાતોમાં રસ નથી.'

પરંતુ તપાસવું જોઈએ કે ખરેખર એમ છે? તો તો મનુષ્યજાતની વિકાસયાત્રા થઈ જ ન હોત. મનુભાઈ દર્શક, કાર્લમાર્ક્સનું એક અવલોકન વારંવાર ટાંકતા કે, 'સંસ્કૃતિની યાત્રા એ લંગડી ડોશીના ચાલવા જેવી છે. સાજો પગ તો આગળ મુકાઈ જાય છે, પરંતુ લંગડો પગ ઢસડાતો ઢસડાતો આગળ પહોંચે છે.'

સંસ્કૃતિની યાત્રા દોડીને નહિ, આવી મંદ ગતિએ, ખોડંગાતા થાય છે. પરંતુ થાય છે જરૂર. આ શ્રદ્ધા મંદ પડે એટલે માણસ વૃદ્ધત્વનો અનુભવ કરે છે.

મનુષ્યના DNAમાં જ કાંઈક એવું પડેલું છે કે તેને શુભનું આકર્ષણ રહે છે. ગમે તેટલો નકાર, વિરોધ કે વિધ્વંસ વચ્ચે પણ એ શુભ પ્રતિ વળે છે. એ દબાઈ જાય, નિષ્ક્રીય બની જાય તેવું શક્ય છે, પરંતુ એ સ્વ-ભાવ મૃત્યુ નથી પામતો. તક મળતાં જ એ ભોંય ફાડીને ઊગેલા બીની જેમ કૂંપળ કાઢે છે.

લેખન-વાચન-વ્યાખ્યાન-સમજાવટ એ મૂળે તો જ્ઞાનની શોધ અને જ્ઞાનના વિતરણની જ પ્રક્રિયા છે. જ્ઞાન જ આપણને પરિસ્થિતિની મર્યાદાને શરણે જવાને બદલે તેના ઉપાયો શોધવા પ્રેરે છે. માટે તો પુસ્તકો છે, પત્રિકાઓ છે, સામયિકો છે, ઈન્ટરનેટ છે. વાચનનું સ્વરૂપ મુદ્રિત હોય કે લેપટોપ-ફોનના પડદાનું હોય, માણસને એની જરૂરિયાત કાયમ રહેવાની.

સ્થિતિ ગમે તેટલી વિપરિત હોય, મૂંઝવણ ભરી હોય, પરંતુ લખવાનું - વાંચવાનું - સમજાવવાનું એટલે કે જ્ઞાનની ઉપાસના કરવાનું ચાલુ રાખવું જોઈએ. દાદા ધર્માધિકારી કહેતા કે 'વિચાર અપોરુષેય છે.' એટલે કે વિચાર આપનાર વ્યક્તિ મૃત્યુ પામે છે, પરંતુ સાચો વિચાર મરતો નથી. પરિસ્થિતિ વિપરિત હોય તો ઉલટાનો જ્ઞાનનો આધાર વધુ લેવો જોઈએ. લખાયેલું જો નિષ્ઠાપૂર્વકનું હોય, નિરભ્ર બુદ્ધિનું હોય, માનવ પ્રીતિમાંથી જન્મેલું હોય તો કલ્પ્યું ન હોય એવા અજાણ્યા ખૂણા સુધી પહોંચે છે, અસરકારક બને છે.

કોઈપણ કારણે લાગેલા થાકને કાયમી બનવા દેવો ન હોય, ક્ષેત્ર ગમે તે હોય પણ સમાજહિત માટે આપણાથી શક્ય તે કરતાં રહેવું એ કર્તવ્ય ગણતાં હોઈએ તો તોફાન સામે હલેસાં મૂકી દેવાં ન જોઈએ, ઊલટાનાં વધુ બળથી ચલાવવાં જોઈએ. કિનારે પહોંચાય તો ઉત્તમ, નહીં તો પુરુષાર્થ કર્યાની, પોતાના સમયમાં ગેરહાજર ન રહ્યાની તૃપ્તિ તો મળે જ છે. **- મનસુખ સલ્લા**

## સિંગાપોરની સ્કૂલના આચાર્યનો વાલીઓને પત્ર

વહાલા વાલીઓ,

હું જાણું છું કે આપ એ માટે બહુ જ પરેશાન છો કે આપનું બાળક પરીક્ષામાં સારો દેખાવ કરે. પરંતુ પરીક્ષા આપનારા આ બાળકોમાં ભવિષ્યના ઉત્તમ કલાકારો પણ છે જેને ગણિત સમજવાની જરૂર નથી.

આ બાળકોમાં ભવિષ્યના મોટા મોટા સંગીતકારો પણ છે જેની નજરમાં કેમેસ્ટ્રીના ઓછા ગુણનું કોઈ મહત્ત્વ નથી.

આ બાળકોમાં ભવિષ્યના રમતવીરો પણ છે જેમના જીવનમાં માર્ક્સથી વધુ શારીરિક ક્ષમતા મહત્ત્વની છે.

તમારું બાળક માર્ક્સ વધુ લાવે તો તે સારી વાત છે, પરંતુ તે બાળક વધુ સારો નંબર ન લાવી શકે તો તેમનો આત્મવિશ્વાસ અને સ્વાભિમાન છીનવી ન લો.

જો તેઓ સારા માર્ક્સ ન લાવી શકે તો તમે તેમને ધીરજ આપી શકો કે કાંઈ વાધો નહિ, આ એક નાની પરીક્ષા છે.

તેઓ તો જિંદગીમાં આનાથી પણ કાંઈક મોટું કરવા માટે જન્મ્યા છે.

જો તેઓ ઓછા માર્ક્સ લાવે તો તેમને જણાવો કે તે છતાં પણ તમે તેમને પ્યાર કરો છો અને તેમને તેમના માર્ક્સને આધારે માપતા નથી.

ભગવાનને ખાતર આપ આમ કરો. જ્યારે તમે આમ કરો ત્યારે જોશો કે તમારું બાળક દુનિયા પણ જીતી શકે છે. એકાદ પરીક્ષા કે ઓછા માર્ક્સ આપના બાળકનાં સપનાં અને તેની પ્રતિભા છીનવી ન શકે.

મહેરબાની કરીને એવું ન વિચારો કે આ દુનિયામાં કેવળ ડૉક્ટર અને એન્જીનિયર જ ખુશ રહે છે.

તમારા બાળકોને એ ઉત્તમ મનુષ્ય બનવાની તાલીમ આપો. કેવળ માર્ક્સ બાળકોની યોગ્યતાનો માપદંડ નથી.

**પ્રેષક : દીપક ગોહિલ, સૌ. કેળવણી વિમર્શ**

## વેલ્યુ શું છે ?

માણસની સૌથી મોટી આવડત કઈ? પોતાની નીતિમત્તાની સાચી વેલ્યુ સમજવી તે. ૨૬ જુલાઈ, ૧૯૨૮ ના દિવસે ચીનમાં એક અત્યંત ગરીબ કુટુંબમાં જન્મેલા લી કા શીંગની જીવનકથા જાણવા જેવી છે. લી કા શીંગના પિતા પ્રાથમિક શાળામાં શિક્ષક હતા. લી. બાળક હતા ત્યારે જ તેમના પિતા મૃત્યુ પામ્યા હતા એટલે તેમના કુટુંબની આર્થીક હાલત કફોડી થઈ ગઈ હતી. લીની ઉંમર માત્ર દસ વર્ષની હતી ત્યારે જાપાની સેના તેમના શહેરમાં ધૂસી આવી હતી. લીના પરિવારે વતન છોડીને હોંગકોંગ સ્થળાંતર કરવું પડયું હતું. પિતાના અકાળ મૃત્યુને કારણે લીએ અભ્યાસ છોડી દેવો પડ્યો. તેમની માતા નાનું-મોટું કામ કરતી હતી, પણ એનાથી પુરૂં થતું નહોતું. માતાને મદદરૂપ થવા માટે લીએ માત્ર બાર વર્ષની ઉંમરે કામ શોધવા માંડ્યું. તેમને એક પ્લાસ્ટીક ઉત્પાદક અને ટ્રેડીંગ કંપનીમાં કામ મળી ગયું. ત્યાં તેમને સોંપાયેલા કામ ઉપરાંત તેઓ બીજા બધા કામનું પણ નિરીક્ષણ કરવા લાગ્યા. પ્લાસ્ટીકની વસ્તુઓ બનાવવાની પ્રક્રિયા તથા પ્લાસ્ટીકની વસ્તુઓ બનાવવાનાં મશીનોનો તેમણે બારીકાઈથી અભ્યાસ શરૂ કર્યો. ત્યાં તેમના મનમાં ઉઠતા તમામ પ્રશ્નોના જવાબ મળતા નહોતા એટલે તેમણે પુસ્તકો મેળવીને પોતાની જીજ્ઞાસા સંતોષવા માંડી.

પ્લાસ્ટીકની વસ્તુઓ બનાવતી ફેક્ટરીમાં લીના સહકર્મચારીઓ ફાજલ સમયમાં ટાઈમપાસ કરી મનોરંજનના રસ્તાઓ શોધતા હતા. એ વખતે લી પુસ્તક વાંચવા બેસી જતા હતા. એ નોકરી કરતાં કરતાં તેમણે એ જ્ઞાન મેળવી લીધું હતું કે પ્લાસ્ટીક ઉત્પાદક ફેક્ટરી કંઈ રીતે ચાલે છે. તેમની ધગશને કારણે તેઓ તેમના ઉપરીઓની નજરમાં વસી ગયા અને નાની ઉંમરે મામુલી કર્મચારીમાંથી એ કંપનીના મેનેજર પદ સુધી પહોંચી ગયા. બીજો કોઈ માણસ હોત તો નાની ઉંમરે મેનેજર બનીને સંતોષ માની લેત. પણ લીની મહત્વાકાંક્ષા અપાર હતી. આ સમય દરમ્યાન લીએ થોડીગણી બચત કરી લીધી હતી અને લાંબો વિચાર કર્યા પછી તેમણે માત્ર ૨૨ વર્ષની ઉંમરે પોતાની કંપની શરૂ કરી. તેમણે એ કંપનીનું નામ ચિઉંગ કોંગ ઈન્ડસ્ટ્રી રાખ્યું. તેમની કંપનીએ પ્લાસ્ટીકના ફૂલો અને રમકડાં બનાવવાનું શરૂ કર્યું. એ વખતે ઘણી કંપનીઓ પ્લાસ્ટીકના ફૂલો બનાવતી હતી પણ લીએ પોતાની ફેક્ટરીમાં અલગ રીતે અસલ ફૂલો જેવા જ લાગે એવા પ્લાસ્ટીકનાં ફૂલો બજારમાં ઉતારવાનું શરૂ કર્યું. લીની ધગશ, કોઠાસૂઝ અને મહેનત તથા ઉચ્ચ પ્રોડ્કટ્સ આપવાની ઝંખનાને કારણે થોડાં વર્ષમાં તો તેમની કંપની બરોબર જામી ગઈ.

લી એ ગરીબી જોઈ હતી એટલે તેઓ એક એક ડૉલરની ગણતરી કરતા હતા. તેઓ ઓછામાં ઓછા કપડાંથી ચલાવતા હતા અને દર ત્રણ મહિને એક વાર વાળ કપાવતા હતા! લીની એ કરકસરની વૃત્તિએ તેમની કંપનીને વધુ નફો કરતી બનાવી. લીમાં માત્ર કરકસર અને મહેનતના જ ગુણો નહોતા, તેમણે પોતાની નીતિમત્તા પણ જાળવી રાખી. ૧૯૫૬માં તેમણે કોઈ એક સોદો કર્યો. તેમની માત્ર મૌખિક જ વાત થઈ હતી. એ પછી એ જ સોદા માટે તેમને મસમોટી રકમની ઓફર મળી. તેમણે અગાઉની વ્યક્તિ સાથે કોઈ દસ્તાવેજ કર્યા નહોતા, પણ તેમણે મૌખિક વચનને વળગી રહીને મોટી રકમની નવી ઓફર નકારી કાઢી. તેમણે કહ્યું કે હું મારો શબ્દ આપી ચુક્યો છું. અને હું મારા શબ્દની કિંમત બહુ ઉંચી આંકું છું. લીની કંપનીએ પછી તો ટેલીકમ્યુનીકેશન્સ, રીયલ એસ્ટેટ, ટેકનોલોજી સહિત અનેક ક્ષેત્રે રોકાણો કરવા માંડ્યા. ૧૯૫૦માં ગણ્યાં-ગાંઠ્યા કર્મચારીઓ સાથે નાનકડી કંપનીથી શરૂઆત કરનારા લી કા શીંગ આજે ૩૪ અબજ ડૉલરની સંપત્તિ સાથે એશીયાના ચોથા સૌથી વધુ ધનીક માણસ છે. તેમની કંપની સી. કે. હચિસન હોલ્ડીંગ્સનો કારોબાર જગતના ૫૪ દેશોમાં ફેલાયેલો છે અને તેમની કંપનીમાં આશરે ત્રણ લાખ લોકો કામ કરે છે.

લી કા શીંગ પોતાની સફળતાનું શ્રેય પોતાની મહત્તવાકાંક્ષા અને વિશાળ હૃદયને આપે છે. તેઓ કહે છે કે બહુ સારા સમયમાં વધુ પડતા ઉત્સાહમાં ન આવી જવું અને ખરાબ સમયમાં નિરાશાવાદી ન બની જવું. આજકાલ આપણા ખમીરવંતા સમાજમાં નીતિમત્તા અને ઈમાનદારીની કોઈ જ કિંમત નથી તેવી સૌ બુમો પાડે છે. તેમના માટે લી કા શીંગ જેવા કિસ્સા મમળાવવા જેવા છે. માણસ ધારે તો કોઈ પણ હદે ઈમાનદારી રાખી શકે છે. અગર ધારે તો... - **સંકલન : રીતેશ અરવીંદ પોલડીયા,**

**સૌ.ક.વિ.ઓ.ખબર પત્રિકા**

### ચાવી

ઘર કરતા દરવાજો ઘણો નાનો હોય છે
દરવાજા કરતા તાળો, ઘણો નાનો હોય છે
તાળા કરતા, ચાવી ઘણી નાની હોય છે. પરંતુ
એમાં આખા ઘરને ખોલવાની શક્તિ હોય છે.
તેમ નાનું પણ વિચારપૂર્વક લીધેલુ પગલું,
મોટી સમસ્યાનું સમાધાન કરવા સક્ષમ હોય છે.

**- એ.પી.જે. અબ્દૂલ કલામ**

## બાજીરાવ પેશવાની મહાનતા

ગોદાવરી નદીના તીરે ભયાનક યુધ્ધ મંડાયું હતું એક તરફ મહારાષ્ટ્રના બાજીરાવ પેશવાનું સૈન્ય હતું તો બીજી તરફ નિઝામ-ઉલ-મુલ્કની સેના હતી.

યુધ્ધ હોય ત્યાં વિનાશ સિવાય બીજુ તો શું હોય?

બન્ને પક્ષે યુધ્ધમાં સૈનિકોની ખુવારી થતી હતી. ક્યારેક પેશવાના સૈન્યને વિજય દેખાય તો ક્યારેક નિઝામનો વિજય દેખાય! દિવસો વીતતા જ રહ્યા. વિનાશ વધતો જ રહ્યો. પરંતુ બન્નેમાંથી કોઈ ઝૂકવા તૈયાર નહોતું! યુધ્ધનું કારણ જે હોય તે, પરિણામ તો સદાય માઠું જ આવે છે.

યુધ્ધ ધાર્યા કરતાં લાંબુ ચાલ્યું એટલે નિઝામ ઉલ-મુલ્કની સેના પાસે અનાજનો ભંડાર ખૂટી પડ્યો. હવે કરવું શું? ભૂખ્યા પેટે લડાઈ કેવી રીતે લડાય? વળી, પોતાના રાજ્યમાં તો હવે અનાજની અછત ઊભી થઈ હતી, એટલે અનાજ લાવવું ક્યાંથી? અને શી રીતે મેદાન ઉપર પહોંચાડવું? ભારે વિમાસણ પેદા થઈ.

નિઝામના સેનાપતિ અને મંત્રી સાથે કેટલાક સલાહકારોએ મળીને ઉકેલ શોધવા પ્રયત્ન કર્યો. છેવટે સૌ કોઈએ નક્કી કરીને પોતાના એક ખાસ દૂત દ્વારા પેશવા બાજીરાવને કહેણ પાઠવતાં જણાવ્યું કે :

''અમારી પાસે અનાજનો પુરવઠો ખૂટી પડ્યો છે. આપ અમારા સૈનિકો માટે થોડા અનાજની વ્યવસ્થા કરો તેવી આપને નમ્ર વિનંતિ છે.''

દૂત તો સંદેશ લઈને પેશવાને મળ્યો.

બાજીરાવ પેશવા ઘડીભર વિચારમાં પડી ગયા. શું કરવું! દુશ્મન સૈન્યને અનાજ આપવું જોઈએ કે નહિ? પેશવાએ તરત જ પોતાના સલાહકારોને પાસે બોલાવીને મંત્રણાઓ શરૂ કરી દીધી. સૌ કોઈએ કહ્યું, ''નામવર! દુશ્મનને હરાવવાની આ તો મોટી તક કહેવાય. એમના અડધા સિપાઈઓ તો ભૂખને કારણે આપોઆપ મૃત્યુ પામશે!'' બાજીરાવે સૌનો અભિપ્રાય જાણી લીધા પછી પોતાની લાગણી વ્યક્ત કરતા કહ્યું: 'ભાઈઓ! જેવી રીતે નિ:શસ્ત્ર શત્રુ ઉપર હુમલો કરવો યોગ્ય નથી, જેવી રીતે ઊંઘતા શત્રુને હણવો ઉચિત નથી, એ જ રીતે ભૂખ્યા સૈનિકો ઉપર આક્રમણ કરવું એ પણ મને વાજબી લાગતું નથી!'' ''તો શું કરવું જોઈએ?''

''નિઝામે માગેલા જથ્થા કરતાં વધુ અનાજ મોકલીને આપણે તેમનું સન્માન કરવું જોઈએ! એમાં જ આપણી નિષ્ઠા છે, એમાં જ આપણું ગૌરવ છે.''

સૌએ વાત વધાવી લીધી. પેશવાએ અનાજ મોકલ્યું. નિઝામે પ્રસન્ન થઈને તરત જ સંધિ કરી અને મૈત્રી સ્વીકારી લીધી!

**- રોહિત શાહ.**

## ''આપણે વાસી ખાઈને ઉપવાસી રહીએ છીએ ?''

પહેલાના સમયમાં એક બહેન. લગ્ન થયા. સાસરે ગયા. થોડા દિવસ પછી એક સંબંધી તેના ગામમાં આવ્યા મળ્યા. જતી વખતે પૂછે છે કે પિયરમાં કંઈ કહેવું છે?

બહેન કહે કે ઘરે કહેજો કે ''દિકરી મજામાં છે. વાસી ખાય છે ને ઉપવાસી રહે છે.'' પેલા ભાઈ કહે- સારું, તેમના ગયા પછી સાસુ પુછે છે કે ''વહુ, તમને અહીં આવ્યા પછી ક્યારે વાસી ખવડાવ્યું? ક્યારે ઉપવાસ કરવો પડ્યો?'' વહુ કહે-હું અહીં આવી ત્યારથી જોઉં છું કે બધા ખાઈ-પીને મજા કરે છે. પણ કોઈ ભગવાનને યાદ કરતું નથી. કે સત્કર્મ કરતું નથી. ગયા જન્મે કંઈ સારા કર્મો કર્યા હશે તેથી આ જન્મમાં ભગવાને ઘણી સંપત્તિ આપી છે. તેથી એવું કહ્યું. સાસુ કહે-બેટા, સમજાવો કેવી રીતે?

વહુ કહે-બા, આ જન્મમાં જે પણ સુખ ભોગવીએ છીએ તે ગયા જન્મના સત્કર્મનું પરિણામ છે તે અર્થમાં આપણે વાસી (ગયા જન્મનું) ખાઈએ છીએ. અને (આવતા જન્મને માટે) આ જન્મમાં કંઈ સત્કર્મ કરીને જમા કરાવતા નથી તે અર્થમાં ઉપવાસી રહીએ છીએ. એટલે કહ્યું કે ''વાસી ખાઈએ છીએ અને ઉપવાસી રહીએ છીએ.'' આપણું પણ કંઈ તેવું તો નથીને?

આંતર અવલોકન કરીએ અને સત્(પ્રભુ) ને ગમે, તેની નજીક જવાય તેવા થોડાઘણા પણ સત્કર્મ કરીને આ જન્મ તથા આવતો જન્મ સફળ બનાવીએ. અસ્તુ.

**- ઈન્ટરનેટ પરથી, પ્રે. શાંતિલાલ ગડા**

## અમેરિકા

અમેરિકા દુનિયાનો સૌથી ધનાઢ્ય દેશ છે પરન્તુ અમેરિકન શાળાઓ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં પુસ્તકો આપે છે અને પરીક્ષા પૂરી થયા બાદ વિદ્યાર્થીઓ એ પુસ્તકો શાળાને પાછા સોંપે છે, જેથી કરીને બીજા વિદ્યાર્થીઓને પછીના વર્ષમાં તેનો લાભ મળે.

પરંતુ ભારત જેવા ગરીબ દેશમાં, ગરીબ વિદ્યાર્થીઓને દર વર્ષે પુસ્તકો પાછળ સારી એવી રકમ-મજબૂરીમાં ખર્ચવી પડે છે અને વર્ષને અંતે, તેઓ આ પુસ્તકો પસ્તીમાં વેચી દે છે. હજારો વૃક્ષો કપાય છે અને કરોડો રૂપિયા ખર્ચાય છે પરંતુ ફાયદો થાય ફક્ત થોડાક વચેટિયાઓને આ પ્રણાલીને આપણે બદલવી જ રહી.

**- ઈન્ટરનેટ પરથી, શાંતિલાલ ગડા**

# કચરાને કંચનમાં ફેરવવાની કળા

'સ્વચ્છતા અભિયાન' વાસ્તવમાં બહુ જ ટૂંકી દ્રષ્ટિથી ઘડવામાં આવેલું અભિયાન છે. શેરીઓ અને રસ્તાઓ પર સાવરણા ફેરવી, સોશિયલ મીડિયામાં ઝાડું સાથેના ફોટા અપલોડ કરીને, પ્રેસનોટ વહેતી કરીને એમ માનવામાં આવે છે કે સ્વચ્છતા થઈ ગઈ. સફાઈવાળો ઘરે-ઘરેથી કચરો કલેક્ટ કરી જાય એ છેલ્લું નહીં, પહેલું પગથિયું છે. એ પછી જ સાચી શરૂઆત થાય છે. કચરાને એકઠો કરી, અલગ-અલગ ભાગમાં વિભાજિત કરી તેનું યોગ્ય વિધિવિધાન કરવું પડે છે. ઈ-વેસ્ટ અલગ કરવો, પ્લાસ્ટિકનો કચરો અલગ રાખવો, ઘન કચરો અને પ્રવાહી કચરો અલગ રાખવો, ખાદ્ય પદાર્થોમાંથી ઉત્પન્ન થયેલો અને અખાદ્યમાંથી પેદા થયેલો કચરો અલગ રાખવો એ બધું વિભાજન ખૂબજ આવશ્યક છે. ત્યાર બાદ દરેકની જુદી-જુદી પ્રોસેસ કરીને તેને રીસાઈકલ અથવા વિઘટિત કરવાનો હોય છે, પરંતુ આપણે ત્યાં આ કંઈ થતું જ નથી.

રસ્તાપર કચરો ન ફેંકવો, આંગણું સાફ રાખવું એ જવાબદારી જનતાની છે, પરંતુ કચરાની યોગ્ય ટ્રીટમેન્ટ કરી તેનો નિકાલ કરવો એ સરકારની જવાબદારી છે.

ભારતમાં દર વર્ષે ૬૨૦ લાખ ટન કચરો પેદા થાય છે. તેમાંથી ૮૦ ટકા ગાર્બેજ ક્લેક્શન થાય છે અને ૨૮ ટકાની જ ટ્રીટમેન્ટ કરવામાં આવે છે. બાકી બધું રામ ભરોસે છોડી દેવામાં આવે છે. આપણા દેશનું વેસ્ટ મેનેજમેન્ટ જ કચરા જેવું છે.

કચરાને કંચનમાં ફેરવવાની કળા આપણે દક્ષિણ કોરિયા પાસેથી શીખવી જોઈએ. રાજધાની સોલમાં હાન નદીની વચ્ચોવચ્ચ આવેલો નાનજિડો ટાપુ એક જમાનામાં તેના કુદરતી સૌંદર્ય માટે પ્રખ્યાત હતો. વિકાસ પાછળની વિઘ્ન દોડે વખત જતા દ્વીપનું સૌંદર્ય નષ્ટ કરી નાખ્યું. ૭૦ના દશકમાં તે કચરાના ઢગમાં ફેરવાઈ ગયો. તેની ઊંચાઈ વધતા-વધતા છેક ૯૮ મીટર સુધી પહોંચી. તેમાંથી નીકળતા દુર્ગંધ, ઝેરી પાણી અને મિથેન ગૅસ લોકોનું જીવવાનું દુષ્કર બનાવી રહ્યાં હતાં. આસપાસના વિસ્તારોમાં મિલકતના ભાવ ધરાશાયી થવા લાગ્યા. લોકો મકાન ખાલી કરીને આઘે રહેવા જવા લાગ્યા. મુંબઈના દેવનાર ખાતે જે સમસ્યા છે તેના કરતા પણ વિકટ સમસ્યા નાનજિડોમાં હતી. દક્ષિણ કોરિયાના ડાહ્યા શાસકોએ આનો રામબાણ ઈલાજ શોધી કાઢ્યો. 'નાનાજીડો લેન્ડફીલ રિકવરી પ્રોજેક્ટ'. દુર્ગંધને ડામવા માટે સૌપ્રથમ તો તેમણે કચરાના ઢગલા પર માટીની ચાદર પાથરી દીધી. ઝેરી પાણી નીકળતું રોકવા માટે ફરતે બેરિયર લગાવવામાં આવ્યા. ઝેરી કદડાને કૂવામાં એકઠો કરી ટ્રીટમેન્ટ કરી તેમાંથી છુટ્ટુ પાડેલું ચોખ્ખુ જળ હાન નદીમાં વહાવી દેવાયું. માટીના થર પર જાળ પાથરી દેવામાં આવી જેથી વરસાદનું પાણી તેમાં ભળીને વધુ ઝેરી રસાયણો ઉત્પન્ન ન કરે. મિથેન વાયુને નજીકના વિસ્તારોમાં રહેતા લોકોને બળતણ તરીકે આપવામાં આવે છે. અહીં બળતણની કિંમત સોલના અન્ય વિસ્તારો કરતા ૬૦ ટકા છે. રિસામણે જતી રહેલી કુદરત અહીં પાછી ફરી છે. જ્યાં એક સમયે કચરાનો ડુંગરો હતો ત્યાં અત્યારે પાંચ વિશાળ પાર્ક બનેલા છે. એક સમયનો હાઈરાઈઝ ઉકરડો આજે પિકનિક સ્પોટમાં પરિવર્તિત થઈ ગયો છે. દર વર્ષે એક કરોડ સહેલાણીઓ ત્યાં ફરવા જાય છે.

શહેરમાં પ્લાસ્ટિકની કોથળીઓ પર પ્રતિબંધ મૂકવા જેવું સામાન્ય કામ પણ અઘરી સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરીને આવેલા અધિકારીઓથી થતું નથી. ગાયના પેટમાંથી મણ-મણ પ્લાસ્ટિક નીકળે તેનું ગોરક્ષકોને જરા પણ દુઃખ થતું નથી. રવાન્ડા અને કેન્યા જેવા પછાત દેશોમાં પ્લાસ્ટિક વપરાશ પર જડબેસલાક પ્રતિબંધ લાદી શકાયો છે, પણ ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રમાં તે સંભવ બની શક્યું નથી. રાષ્ટ્રવાદીઓના શાસનમાં પણ નહી!

દેશમાં ઉત્પન્ન થતો ૫૦ ટકા કચરો ઓર્ગેનીક હોય છે. તેનું વિઘટન આપમેળે થાય છે અને તેમાંથી સેન્દ્રીય ખાતર તથા બાયોગેસ મળી શકે છે. આજના શહેરો ઊર્જાની રાક્ષસી ભૂખ ધરાવે છે ત્યારે બાયોગેસ તેમની ભૂખ ભાંગવા માટેનો સૌથી ઉત્તમ ઉપાય બની શકે છે. દરેક શહેર બાયોગેસ પર નિર્ભર બને તો આપણે પેટ્રોલ-ડીઝલના આયાત બિલ પણ હળવા કરી શકીએ. ઈ-વેસ્ટ અને પ્લાસ્ટિક વેસ્ટ રીસાઈકલ કરી શકાય, જે પ્લાસ્ટિક વેસ્ટ પુનઃ વપરાશમાં લઈ શકાય એમ નથી તેને પ્લાસ્ટિક આરોગી જતી ઈયળ ગેલોરિયા મેલોનેલાના હવાલે કરી દેવું જોઈએ. આ બધું કરવામાં આવે તો હિમાલય જેવી કચરા સમસ્યા થોડા જ વર્ષોમાં લીલાછમ સમથળ મેદાનમાં પલટાઈ જાય.

શું કચરો એક જગ્યાએથી ઉસેડીને બીજી જગ્યાએ ઠાલવી દેવામાં આવે તેને સ્વચ્છતા કહેવાય? ૨૦૩૦ સુધીમાં દેશમાં દર વર્ષે ૧૬૫૦ લાખ ટન કચરો ઉત્પન્ન થવા લાગશે. જો પ્રશાસકો અત્યારથી કામે નહીં લાગે તો આખો દેશ કચરા ટોપલીમાં ફેરવાઈ જશે.

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## નિ:સ્પૃહ વિદ્યાગુરૂ

એક રાજકુમાર એક ગુરુકુળમાં ભણતો હતો. થોડા દિવસમાં તેને રાજગાદી મળવાની છે એ વાતની તેના વિદ્યાગુરુને ખબર પડી. તેનું શિક્ષણ અધુરુ હતું તે કેમ કરીને પુરુ કરવું, એ વાતની ગુરુજીના મનમાં ગડમથલ ચાલતી હતી. રાજનીતિ અને દંડશક્તિ જેવા બન્ને વિષયો બાકી હતા. એક દિવસ બાકી રહ્યો એટલે ગુરુએ તેને બોલાવીને કહ્યું: ''વત્સ! તું આવતી કાલે રાજા થવાનો છે. માટે મારે તને એક મહત્ત્વની શિક્ષા આપવાની છે.''

રાજકુમારે કહ્યું : ''હું તૈયાર છું.''

ગુરુ રાજકુમારને એક ખંડમાં લઈ ગયા અને રાજકુમાર કંઈ બોલે તે પહેલાં તેમણે પાસે પડેલ નેતરની સોટી લઈને તડાતડ મારવી શરૂ કરી. રાજકુમાર તો બાઘો બની ગયો પણ ગુરુજીનું રૌદ્રરૂપ જોઈને કાકુલદી કરવા લાગ્યો. અંતે ખૂબ માર મારી ગુરુએ તેને છોડી દીધો. બીજે દિવસે ઘણા બધા શિષ્યો સાથે તેમણે રાજકુમારને વિદાય આપી. રાજકુમાર હેમખેમ પહોંચ્યો. રાજાનું મન હરખાયું પણ કુમાર ઉદાસ જ હતો. એટલે રાજાએ તેને ઉદાસીનતાનું કારણ પૂછયું. રાજકુમારે ગુરુએ માર માર્યાની વાત કહી પોતાનો વાંસો દેખાડયો જેના ઉપર લીલા સોળના નિશાન હજુ પણ તાજા હતાં. રાજા ગુસ્સે થઈ ગયો.

રાજાએ તરત ગુરુને તેડાવ્યા, ગુરુ આવતાં જ આડા હાથે લઈને રોકડું પરખાવ્યું: ''તમને ખબર નહતી કે કુમારને મારવાનું શું પરિણામ આવશે?''

ગુરુએ કહ્યું: ''મેં સમજી-વિચારીને જ એને માર્યો છે!'' રાજાનું તો લોહી ઊકળી ઊઠ્યું, તેણે કંઈપણ વધારે સાંભળ્યા વગર હુકમ કર્યો: ''આને ફાંસીએ ચડાવી દો!''

ગુરુ તો હસતે મોંએ ફાંસીએ ચડવા ચાલવા લાગ્યા. તેથી રાજાને નવાઈ લાગી. રાજાએ તેમને પૂછયું: ''તમારી કોઈ આખરી ઈચ્છા છે!'' ''હા? મેં રાજકુમારને શા માટે માર્યો તેનું રહસ્ય તમને કહેવું છે.'' રાજા- ''ત્યારે કહો!'' ગુરુએ કહ્યું - તેનો અભ્યાસ અધૂરો હતો છતાં તમે એને રાજા બનાવવા ઈચ્છતા હતા. એ રાજા બન્યા પછી સત્તાના આવેશમાં આવીને કોઈને દંડ ન દઈ બેસે અને કોઈ પણ નિર્દોષને શારીરિક સજા ન થાય; તે એને એક જ દિવસમાં સમજાવવાનું હતું. દાખલા દલીલ માટે અવકાશ ન હતો. એટલે મેં તેને માર મારીને સમજાવ્યું કે શારીરિક સજા કેટલી ખરાબ હોય છે? કુમારનું હિત મારા મનમાં હોઈને મારે મારી ફરજ બજાવવી જ પડી. હવે એ ફરજના પાલન માટે મને ફાંસીએ જવું પડે તો તે માટે હું તૈયાર જ હતો!''

રાજા સમજી ગયો અને ગુરુને માનભેર વિદાય કર્યા. આજે એવા નિ:સ્પૃહ વિદ્યાગુરુઓની સખ્ત જરૂરત છે.

**- મુનિશ્રી નેમિચંદ્રજી, ''ધર્માનુબંધી વિશ્વદર્શન-ભાગ.૮''**

## ગાંધીજીની પ્રચંડ ઊર્જા

૧૯૧૫માં મહાત્મા ગાંધી ભારતમાં આવ્યા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની સફળતા ભારતના લોકોથી અજાણી ન હતી. ભારતમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રે કામ કરી રહેલા જુદાં જુદા જૂથો અને સંસ્થાઓ ગાંધીની શક્તિને પોતાની સાથે ભેળવવા સ્વાભાવિક રીતે જ ઉત્સુક હતા. પણ તેમનાં કાર્યોનું સ્વરૂપ સ્થાનિક અને પ્રમાણમાં સીમિત હતું જ્યારે ગાંધીજીની ઊર્જા પ્રચંડ હતી. આ ઊર્જાનો અનુભવ થતાં જેઓ ગાંધીજીને પોતાની સાથે લેવા આતુર હતા તેઓ એમ કહેવા લાગ્યા કે, 'ગાંધીજી શક્તિશાળી છે, પણ આપણા કામના નથી.' તેમની પરવા કર્યા વિના ગાંધીજીએ સામુદાયિક ચેતનાને જગાડી અને રાજકીય પ્રવૃત્તિઓને રાષ્ટ્રીય કક્ષાએ લઈ ગયા. તેમને નકારનારાં જૂથો અને સંસ્થાઓને હવે પ્રજાએ નકારવા માંડ્યા. પોતાનો ઘટતો અને ગાંધીજીનો વધતો પ્રભાવ જોઈ આ બધા તેમની સાથે જોડાયા તો ખરા, પણ પછી જ્યારે જ્યારે મોકો મળ્યો ત્યારે તેમના ઘવાયેલા અહમ્ અને દબાયેલા વિરોધે ફેણ માંડી. ગાંધીજીની આલોચના કરનારા મોટા ભાગના આ જૂથો અને સંસ્થાઓમાંના અસંતુષ્ટો હતા અને તેમની સંખ્યા નાની ના હતી. તેઓ દેશભરમાં ફેલાયેલા હતા અને રાજકીય ઉથલપાથલથી મૂંઝાયેલી પ્રજા ઘણે અંશે તેમનાથી દોરવાયેલી હતી તેમ ચોક્કસ કહી શકાય.

**- રમેશ ઓઝા**

**''હું એ દિવસની રાહ જોઉં છું જ્યારે દીવાનખાનાનાં ફર્નિચર જેટલી જ સત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે. કોઈપણ દીવાનખાનાની અંદર જાઉં ત્યારે સહુથી પહેલાં હું ત્યાં પડેલાં સામાયિકો અને પુસ્તકો તરફ નજર નાખી લઉં છું, મારે મન સાહિત્ય એ વ્યક્તિના સાચા સંસ્કારનો માપ દંડ છે. વિનય, વિવેક, પ્રફુલ્લતા, નિષ્ઠા - આ બધાનું મૂલ્ય છે જ, પણ આ ગુણોના વર્ધનમાં સત્ સાહિત્ય જેટલું ઉપકારક પરિબળ બીજું નથી. જે લોકો શબ્દની શક્તિ પ્રમાણે છે એમના માટે સારાં પુસ્તકો એક મહત્ત્વની મૂડી બની જાય છે, પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે, એ સાથે એ પોતાના મિત્રો, સ્વજનો અને પરિવારને પણ એનો લાભ આપે છે.''**

**- બર્ટ્રાન્ડ રસેલ.**

# ચલી ચલી રે પતંગ મેરી ચલી રે

પતંગનો મને ગાંડો શોખ. બધાને હોય, બાળક હોય ત્યારે બધાને આવું બધું ગમે પણ મારી વાત જરા જુદી ખરી, કારણ કે હું ભણવાનું કામ અડધા કલાકમાં પતાવી નાખું અને પછી મારું ચાલે તો સાડાત્રેવીસ કલાક રમવાનું કામ કરું ખરો. દિવાળી પૂરી થાય એટલે હું પતંગ માટે માગણી શરૂ કરી દઉં. બાની તો મોટા ભાગે ના જ હોય, પણ મારા પિતાજી મનોમન પીગળી જાય અને એટલે કોઈક વાર ઑફિસથી આવે એટલે સરપ્રાઈઝરૂપે પતંગ લેતા આવે. પતંગ જોઈને હું જે રાજી થઉં, સાહેબ, એવી ખુશી મને ક્યારેય નથી થઈ.

અમારા રાજકોટમાં સદરબજાર બહુ પ્રખ્યાત. ધુળેટીમાં ત્યાં ભાતભાતના રંગો મળે, દિવાળીમાં બધી દુકાનોમાં ફટાકડા જ હોય. પતંગો પણ ત્યાં જ મળે. બાપુજી સાથે એ જગ્યાએ જઈએ એટલે આપણને એમ જ લાગે જાણે આખી દૂનિયા મળી ગઈ.

સંક્રાન્ત આવે એટલે ઉજવણીની તૈયારી શરૂ થાય. એકેક પતંગ છૂટી મળે નહીં એટલે પંજો (પાંચ પતંગનો સેટ) જ લેવાનો. ખરીદેલી એ બધી પતંગના કાનામાતર બાંધવા રાતે જ બેસી જવાનું એટલે સંક્રાન્તિનો સમય બગડે નહીં. જીવનની અદ્‌ભુત મજા અને અત્યંત સરળતા સાથે જીવવાનું.

આ બધી મજા રાજકોટમાં જ રહી ગઈ. ઉંમરની સાથે સ્કૂલમાંથી કૉલેજમાં આવ્યો અને એ પછી મુંબઈ આવ્યો. મુંબઈમાં શરૂઆતમાં લકીલી એકબે મિત્રો એવા મળી ગયા જે પતંગના શોખીન. શરૂઆતમાં હું તેમને ત્યાં પતંગ ઉડાડવા જતો. પણ પછી તો એવો સમય આવ્યો કે પતંગ ઉડાડવાનું સાવ છૂટી ગયું અને સૂરની દુનિયા આવી ગઈ. પછી તો મ્યુઝિક સિવાય બીજું કોઈ કામ જ નહીં, બધી પ્રવૃત્તિ બંધ થઈ ગઈ અને વર્ષો વીતતાં ગયાં.

મને પાક્કું યાદ છે કે એ દિવસે અચાનક જ પતંગ લાઈફમાં પાછી આવી. એ સમયે મારો બેન્ગલોરમાં શો હતો અને ૧૪ જાન્યુઆરીની સવારની ફલાઈટમાં હું મુંબઈ પાછો આવ્યો. સંક્રાન્તિનો આછોસરખોય અંદાજ નહીં. કામમાં એટલો ઓતપ્રોત કે બીજું કંઈ સૂઝે નહીં. મુંબઈ આવીને ગાડીમાં બેઠો અને ગાડી ચાલી. ગાડી થોડી આગળ વધી અને મારું ધ્યાન આકાશમાં ગયું. આકાશમાં પતંગે અચાનક જ મને તારીખ યાદ આવી ગઈ. ૧૪ જાન્યુઆરી, સંક્રાન્તિ, ઘરે આવીને મેં મારી મોટી દીકરી નાયાબને પૂછ્યું, બેટા તે કોઈ દિવસ પતંગ ઉડાડી છે? નાયાબે ના તો પાડી. પણ પછી મને સામો સવાલ કર્યા, 'ડૅડી, એ તો પાઈલટ જ ઉડાડી શકેને?'

આ એ સમયની વાત છે જે સમયે ટેલિવિઝન અને વિડિયો-ગેમ્સ ધામધૂમથી આવી ગયા હતાં. બપોરે ત્રણ વાગ્યે ઘરે આવે, પછી હોમવર્ક કરવા બેસે. હોમવર્ક પૂરું થાય એટલે ટીવી જોવાનું કે વિડિયો-ગેમ રમવાનું અને પછી દિવસ પુરો. એકમાત્ર એન્ટરટેઈનમેન્ટ એટલે ટીવી. મેં નાયાબને કહ્યું, 'આપણે ઉડાડવી છે પતંગ?'

નાયાબે મને સામો સવાલ પૂછ્યો, 'તમને આવડે છે?' 'હું તો ચૅમ્પિયન છું.'

મેં નાયાબને તરત જ સાથે લીધી અને સીધો મહાલક્ષ્મી મંદિર પહોંચ્યો. ત્યાં મંદિરની સામે એક દુકાનમાં પતંગ અને માંજો મળે. દુકાનમાં ખૂબ ભીડ હતી. દુકાને જઈને મેં સારામાં સારો માંજો લીધો અને ૧૦ પતંગ લીધી, બે પંજા. અમે ઘરે આવ્યાં અને ઘરે આવીને કન્ની બાંધવાનું શરૂ કર્યું. નાયાબ મને જોયા જ કરે. એ સમયે રીવા ખૂબ નાની. બન્ને દીકરીઓને લઈને હું ટેરેસ પર ગયો અને મેં મારી વાઈફને ફીરકી પકડાવી. નાયાબને પતંગ મુકાવતાં શીખવ્યું, નાયાબે પતંગ મૂકી અને મેં એક ટીચકી મારી.

પતંગ આકાશમાં ઊડી અને એ જોઈને નાયાબ જે ચિલ્લાઈ છે; એકદમ ખુશ, આનંદથી ચીસો પાડે. તેને માનવામાં જ ન આવે કે મારા પપ્પા પતંગ ઉડાડી શકે છે. મેં તો પતંગને ઢીલ દીધી અને અમારી પતંગ ઉપર ને ઉપર જતી જાય. પતંગ જેમ ઉપર જાય એમ મારી દીકરીના મોઢા પર ખુશી વધતી જાય. એવામાં એક બીજી પતંગ અમારી બાજુએ આવી અને એની પેચ લાગી ગઈ. હું નાયાબને બધું દેખાડતો પણ જાઉં. નસીબ મારાં એટલાં સારાં કે એ બધા પછી પેલી પતંગ કપાઈ ગઈ.

શું કહું તમને? નાયાબની આંખોમાં એ સમયે જે પ્રેમ હતો એ એ સ્તરનો હતો જાણે તેનો ડેડી સુપરપાવર ધરાવતો હોય. મિત્રો, મારે એ જ કહેવું છે કે આપણાં બાળકોને સાવ જ નિર્દોષ આનંદમાં પણ ખૂબ ખુશી મળે છે. આજે તો સ્માર્ટફોન, આઈપેડ અને ઈન્ટરનેટને એન્ટરટેઈનમેન્ટનાં સાધનો વધી ગયાં અને એ લોકો આ બધામાંથી માથું ઊંચું નથી કરતાં પણ તેમને બહાર લઈ આવવાની જવાબદારી દરેક માબાપની છે. ગિલ્લી દંડો તેમણે જોયાં નથી, ગલી-ક્રિકેટ શું હોય કે પછી ભભરડો કેવો દેખાય એની તેમને ખબર નથી હોતી અને સાચું તો એ છે કે એ બધામાં જ તો તેનો ડેડી સુપરમેન છે. તમારો સુપરપાવર દેખાડવા માટે પણ એ બધું પાછું લઈ આવો.

**- પંકજ ઉધાસ, સૌ. મીડ-ડે, પ્રે. જતીન દોશી**

## માનવ-મનની ઉત્તમ ધરોહર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે વિશ્વની ગતિવિધિની જાણકારી આપવા માટે અને સંસ્થાની પ્રવૃત્તિની માહિતી આપવા માટે આજથી એકવીસ વર્ષ પહેલાં 'વિશ્વરંગ' નામનું મુખપત્ર પ્રગટ કર્યું. એ સમયે સંસ્થાના પ્રેરક, માર્ગદર્શક અને વિશ્વકોશના શિલ્પી એવા ડૉ. ધીરુભાઈ ઠાકરે ૧૬ પૃષ્ઠનાં નાનકડાં 'વિશ્વરંગ' માં દરેક વખતે એક વિદેશી મહાનુભાવોના જીવનનો માર્મિક પ્રસંગ આપવાનો આગ્રહ રાખ્યો. એ પરંપરા એ પછી 'વિશ્વવિહાર'માં પણ જળવાઈ રહી અને એને પરિણામે આજે આ ત્રણ પુસ્તકો 'જીવનનું જવાહિર', 'શીલની સંપદા' અને 'મનની મિરાત' પ્રગટ થઈ રહ્યા છે.

અમેરિકાના પ્રિન્સ્ટન શહેરમાં અતિ લોકપ્રિય એવા મહાન વિજ્ઞાની આલ્બર્ટ આઈન્સ્ટાઈનનું નિવાસસ્થાન જોયું, થોમસ આલ્વા ઍડિસનની લૅબોરેટરી જોઈ. એ પછી વેટિકનમાં માઈકલ એન્જેલો જેવા ચિત્રકારોનાં ચિત્રો જોયાં અને સ્વાભાવિક રીતે જ એમના જીવનકાર્ય વિશેના ગ્રંથો વાંચવાની જિજ્ઞાસા જાગી.

આપણે ત્યાં ભારતીય સંતો, યોગીઓ, નેતાઓ વિશેનાં પ્રસંગો મળે છે. પરિણામે આપણા દેશમાં પ્રસિદ્ધ હોય એવી વ્યક્તિઓના જીવનથી આપણે પરિચિત હોઈએ છીએ, જ્યારે વિદેશની પ્રભાવશાળી વ્યક્તિઓનાં નામોનો ઉલ્લેખ માત્ર વિજ્ઞાન, ઈતિહાસ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર કે રાજકારણમાં જ મળે છે. અહીં જે જે વ્યક્તિઓના પ્રસંગો આપ્યા છે, તેમની જીવનની થોડી ઝાંખી પણ આપી છે અને એ રીતે આપણે વિદેશના મહાનુભાવોને ઓળખીએ અને એમના જીવન અને પ્રગતિમાં નિમિત્ત બનનાર એમની ગુણ-ગરિમાનો અનુભવ કરીએ, એવો આશય રાખવામાં આવ્યો છે. આવા વિદેશી મહાનુભાવોના પ્રસંગોના અંગ્રેજીમાં પણ બહુ જૂજ પુસ્તકો મળે છે અને તેથી આ પ્રસંગોનો અંગ્રેજી અનુવાદ કરવાનું પણ વિચારવામાં આવ્યું.

આ પુસ્તકના પ્રકાશન માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનો આભારી છું. કર્મયોગી સ્વ. સાંકળચંદભાઈ પટેલ જીવનઘડતર શ્રેણીમાં એને સ્થાન આપ્યું છે તે માટે આનંદ અનુભવું છું. આ પ્રસંગોમાંથી વાચકોને જગતની પ્રતિભાઓના જીવનની માર્મિક ઘટનામાંથી નવીન જીવનદ્રષ્ટિ અને મૌલિક અભિગમ પ્રાપ્ત થશે એવી આશા રાખું છું. **-કુમારપાળ દેસાઈ**

**સાભાર - સ્વીકાર (પુસ્તકો)**

૧) જીવનનું જવાહિર, ૨) શીલની સંપદા,
૩) મનની મિરાત
ત્રણે પુસ્તકોના લેખક છે. ડો. કુમારપાળ દેસાઈ
પ્રકાશન: ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ,
વિશ્વકોશ માર્ગ, ઉસ્માન પુરા, અમદાવાદ-૩૮૦૦૧૩
પ્રથમ આવૃત્તિ ૨૦૧૬.
દરેકની કિંમત **રૂ.૧૫૦/-** પૃષ્ઠ સંખ્યા દરેકના ૧૬૦

---

૪) ''ધ કિંગ્ડમ ઓફ ગોડ ઈઝ વિધિન યુ.'' (અંગ્રેજી)
મુળ લેખક લીઓ ટોલ્સ્ટોય,
''વૈકુંઠ તારા હૃદયમાં છે.'' (ગુજરાતી)
અનુવાદ: ચિતરંજન મહેશભાઈ વોરા
પ્રકાશન: નવજીવન પ્રકાશન મંદિર,
અમદાવાદ ૩૮૦૦૧૪.પ્રથમ આવૃતિ એપ્રિલ- ૨૦૧૭
પૃષ્ઠ સંખ્યા ૧૯૦, કિંમત રૂ.૨૦૦/-

## મહાત્મા ટૉલ્સ્ટૉય

મહાત્મા ગાંધીનાં જીવન અને વિચાર પર પ્રભાવ પાડનાર મહાત્મા ટૉલ્સ્ટૉયનાં વચન જેમ જેમ આ ગ્રંથને પાને પાને ઊઘડતાં જાય તેમ તેમ તેને પોતાની સમજમાં ઉતારનાર વાચક કોઈ અવર્ણનીય આહ્‌લાદનો અનુભવ કરે તેમાં શંકા નથી. ભલે દરેક વાચકને મહાત્મા ગાંધી જેવી શુદ્ધ સત્ય-અહિંસાની શોધ ન પણ હોય; તેમ છતાં, દરેકનાં મનમાં સત્ય માટે એક પોતાની મર્યાદા પૂરતી ઝંખના આગ્રહ અને સ્વતંત્રતા માટેની ચાહના તો રહેલ હોય જ છે. એ દરેકને પણ આ ગ્રંથમાં આદિથી અંત સુધી ઝળહળતી મૌલિકતા વિચારવી નવી ક્ષિતિજોની ઝાંખી કરાવ્યા વિના રહેશે નહીં. **- ચિત્તરંજન વોરા**

---

**અનુસંધાન પાના નં.૧૬ પરથી ચાલુ...**

હું આવી જઈશ, આ મારી માંની સેવાનું ફળ છે કે મારી માંની દુઆની શક્તિ, હું નથી જાણતો.

નાં મારી માં મને એની પાસેથી ખસવા દે છે નાં મારો ભગવાન મારો વિશ્વાસ ડગવા દે છે. માં કહે છે તારા ફળ દેવદૂતો વેચાવી દે છે. ખબર નહિ.. માં ભોળી છે અથવા હું અજ્ઞાની.

હું તો એટલું જ સમજી શક્યો કે આપણે માં બાપ ની સેવા કરીએ તો ઈશ્વર આપણને સફળ બનાવવા માટે અગ્રેસર થઈ જાય છે.

આટલું કહીને તે ફળવાળો ચાલવા લાગ્યો અને હું ત્યાં જ ઉભો રહી ગયો. અવાક........ પણ શ્રદ્ધાથી તરબોળ...

**- ઈન્ટરનેટ પરથી, શાંતિલાલ ગડા**

## ઋણ સ્વીકાર

ગૌરક્ષાપાત્ર જાન્યુ ૨૦૧૫ માં ફરીથી શરૂ થયેલ, એને આજે ત્રણ વર્ષ પૂરા થયા છે ત્યારે ચાલો આપણે યાદ કરીએ એ વ્યક્તિઓ, પરિવારો અને સંસ્થાઓને, જેમના સાથ અને સહકાર વગર આ શક્ય ન થયું હોત.

સૌથી પ્રથમ આવે છે તમામ દાતાઓ, જેમણે યા તો ગોરક્ષાપાત્ર ના અંક સ્પોન્સર કર્યા છે અથવા વાર્ષિક લવાજમ કરતા કેટલાય ઘણી મોટી રકમ ડોનેશન રૂપે મોકલી છે.

શરૂઆતથી જ આપણા ગોરક્ષાપાત્રનું Typing અને Page Setting નું કામ ગીતાબેન ખૂબ નિષ્ઠા અને ચોકસાઈથી સંભાળે છે. આ વસ્તુ વધારે તો એટલા માટે સરાહનીય છે કે ગીતાબેનની માતૃભાષા ગુજરાતી ન હોવા છતા પોતાની જવાબદારી સુપેરે નિભાવે છે.

આપણી પત્રિકાનું પ્રીન્ટીંગ જ્યાં થાય છે તેના માલિક શ્રી રાહુલભાઈ ગોગરીને કેમ ભૂલી શકાય? એમના અને એમના સ્ટાફના સહકાર વગર અમારા માટે દર માસે નિયમિત ૫ તારીખે પ્રીન્ટેડ કોપી આપ સૌને પોસ્ટ કરવાનું શક્ય જ ન બનત

ગોરક્ષાપાત્ર પત્રિકાને દર મહીને આપણી Website પર Upload કરનાર શિખાબેનને પણ જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

આ સમગ્ર પ્રક્રિયામાં પડદા પાછળ રહીને સહકાર આપનાર શ્રી રમેશભાઈના પરિવારનો ખૂબ મોટો હાથ રહેલો છે અને તેઓએ પોતાની શક્તિ, સમય અને સંપત્તિનો ભોગ આપ્યો છે. એની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે.

અને છેલ્લે, આપ સૌ વાંચકમિત્રોનો, નામી, અનામી સ્નેહીજનોનો, લેખક મિત્રોનો અને શુભેચ્છકોનો હું હૃદયપૂર્વક આભાર માનુ છું અને આશા રાખુ છું કે આવનારા સમયમાં આ સાથ અને સહકારનો સિલસિલો અવિરતપણે ચાલુ રહેશે.

**- લિ. શાંતિલાલ ગડા, સહસંપાદકના જયહિંદ**

**<u>પ્રીન્ટ કોપી સ્વેચ્છાથી જતી કરનાર ગ્રાહકોની નામાવલી</u>**

(૧) GJ-547 વસંતભાઈ ખોખાણી રાજકોટ
(૨) MB-456 શ્રી મધુભાઈ ભિમાણી, મુલુંડ

**કપડા પર પડેલી કરચલી દૂર કરવા તેના પર ગરમ ઈસ્ત્રી ફેરવતા પહેલા ઠંડુ પાણી છાંટવુ પડે છે તેમ સંબધોમાં પડેલી ગૂંચ દૂર કરવા ઠંડા દિમાગની સાથે હુંફાળા હૈયાની જરૂર પડે છે.**

## આવજો !

**કોક દી રે નવરાશ વેળાએ**
**આવજો આંહીં નિશંક**
**બેસશું કૂણા ઘાસ પરે આ**
**જામફળીને અંક.**
**નમતી હશે સાંજ સુનેરી**
**કળતું હશે તેજ,**
**કોઈ નાનેરા પંખીને બેસણે**
**પાંદડાં હલશે સ્હેજ.**
**સૂરજ ડૂબે સાવ તે પહેલાં**
**ઊજળા દિનનું ગીત**
**આપણે ધીમે ગાઈ એકાદું**
**આછરી લેશું ચિત્ત.**
**જીવનના આ વહેતા પ્રેમનું**
**દોરશું આછું ચિત્ર,**
**કોક દી તો નવરાશ વેળાએ**
**આવો અજાણ્યા મિત્ર !**

**મકરન્દ દવે, સૌ. જન્મભૂમિ પ્રવાસી**

## છૂંદામાં Adjustment

**કેરીનો સ્વભાવ ખટાશનો છે**
**મરચાનો સ્વભાવ તીખાશનો છે**
**મીઠાનો સ્વભાવ ખારાશનો છે**
**ખાંડનો સ્વભાવ ગળપણનો છે**
**પણ છૂંદાએ કેવુ Adjustment કરી**
**લીધું છે સોને એ ગમે**
**તેમ અન્યના સ્વભાવ બદલવા કરતા**
**આપણા સ્વભાવને એવો બનાવવો કે**
**જેથી સૌની સાથે સેટ થઈ જવાય,**
**સૌને વહાલા લાગીએ.**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. ઔશિર મહેતા | - મુંબઈ | ૧૦૦/- |
| ૨. ઈશ્વર પરમાર | - દ્વારકા | ૧૦૦/- |
| ૩. શૈલેષભાઈ દિવાન | - મુંબઈ | ૫૦૦/- |
| ૪. અનીલભાઈ પારેખ | - મુંબઈ | ૧૦૦/- |
| ૫. હર્ષદભાઈ પારેખ | - વડોદરા | ૧૦૦/- |
| ૬. સુરેશભાઈ શાહ | - સાંતાક્રુઝ | ૨૦૦/- |
| ૭. રેખાબેન સંતાણી | - મુંબઈ | ૫૦૦/- |

**<u>નોંધ</u>: આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code: IFSC BKID 0000031**

## ફળની લારી

એકવાર સાંજે ઓફિસથી ઘરે આવતા સમયે જોયું કે એક નાનું બોર્ડ રેકડીની ઉપર લટકતું હતું જેના પર માર્કરથી લખ્યું હતું :

‘‘ઘરમાં કોઈ નથી, મારી ઘરડીમાં બિમાર છે. મારે થોડી-થોડી વારે એમને ખવડાવવા, દવા અને હાજત કરાવવા જવું પડે છે, જો તમને ઉતાવળ હોય તો તમારી ઈચ્છાથી ફળ તોલીને ખુણામાં પડેલા પથ્થર નીચે પૈસા મુકી દેશો. સાથે જ મુલ્ય પણ લખેલું છે.’’

‘‘અને જો તમારી પાસે પૈસા ના હોય તો મારી તરફથી લઈ લેજો. અનુમતિ છે.’’

મેં આમ તેમ જોયું બાજુમાં પડેલું ત્રાજવું લઈને બે કિલો સફરજન અને એક ડઝન કેળા લીધા, બેગમાં નાખ્યા, ભાવ પત્રકમાં ભાવ જોયો, પૈસા કાઢીને પથ્થર ઉપાડ્યો, ત્યાં સો, પચાસ અને દસ-દસની નોટ પડી હતી. જોઈને હું તો દંગ રહી ગયો. મેં પણ પૈસા ત્યાં મુકી દીધા. બેગ ઉપાડી ને ઘરે આવી ગયો. જમ્યા પછી મારી પત્ની અને હું ફરતા-ફરતા ત્યાંથી નીકળ્યા તો જોયું કે જર્જરિત આધેડ વયનો વ્યક્તિ મેલા કુર્તા પાયજામા પહેરીને લારી લઈને બસ જવાનાં જ હતા. એણે અમને જોઈને સ્મિત આપ્યું અને બોલ્યા,

‘‘સાહેબ! ફળ તો ખતમ થઈ ગયા. મેં એમ જ વાત શરૂ કરવાના ઈરાદાથી લારી પર લટકાવેલ બોર્ડ વિશે જાણવા પ્રયત્ન કર્યો તો તેમણે કહ્યું,’’ પાછલા ત્રણ વર્ષથી માં પથારીમાં છે, થોડી પાગલ જેવી છે અને હવે તો એને લકવો પણ થઈ ગયો છે. મારી કોઈ સંતાન નથી, પત્ની સ્વર્ગવાસી થઈ ગઈ છે. હવે ફક્ત છીએ હું અને માં, માં ની દેખરેખ કરવાવાળું કોઈ નથી એટલે મારે દર વખતે માંનું ધ્યાન રાખવું પડે છે.

એક દિવસ મેં માં નાં પગ દબાવતી વખતે નરમાશથી કહ્યું, ‘‘માં! તારી સેવા કરવાનું બહુ મન થાય છે. પણ ખિસ્સું ખાલી છે અને તું મને રૂમની બહાર નીકળવા નથી દેતી. તું જ કહે હું શું કરું? હવે આકાશમાંથી તો જમવાનું ઉતરશે નહિ.

આ સાંભળી માં ઢીલું ઢીલું હસી, પોતાના કમજોર હાથોથી નમસ્કારની મુદ્રામાં હાથ જોડ્યા અને ભગવાનને બડબડ કરીને ના જાણે શું વાત કરી, પછી બોલી........

‘‘તું લારી ત્યાં મુકીને આવ, આપણા ભાગ્યનું આપણને આ રૂમમાં બેઠા બેઠા મળી જશે.’’

મેં કીધું, ‘‘માં શું વાત કરે છે. ત્યાં મુકીને આવીશ તો ચોર-મવાલી કોઈક લઈ જશે. આજકાલ કોણ કોની મજબૂરી સમજે છે? અને માલિક વગર કોણ ફળ ખરીદવા આવશે?’’

માં કહેવા લાગી, ‘‘તું સવારે ભગવાનનું નામ લઈને ફળોની લારી ભરીને મૂકી આવ અને રોજ સાંજે ખાલી લારી લઈ આવ, બસ. મારી સાથે જીભાજોડી નાં કર. મને મારા ભગવાન પર ભરોસો છે. જો તારું નુકશાન થાય તો મને કહેજે. અઢી વર્ષ થયા સાહેબ ... સવારે લારી મુકીને આવું છું અને સાંજે લઈ આવું છું. લોકો પૈસા મુકી જાય છે, ફળ લઈ જાય છે. એક ફળ ઉપર નીચે નથી થતું પરંતુ કોઈક તો વધારે મુકી જાય છે. ક્યારેક કોઈ માં માટે ફૂલ મુકી જાય છે ક્યારેક કોઈક બીજી વસ્તુ. પરમદિવસે જ એક દિકરી પુલાવ મુકી ગઈ અને સાથે એક ચિઠ્ઠી પણ હતી – ‘‘માં માટે’’

એક ડોક્ટર સાહેબ પોતાનું કાર્ડ મુકી ગયા, પાછળ લખ્યું હતું. માંની તબિયત નાજુક હોય તો કોલ કરી લેજો,

- **અનુસંધાન પાના નં.૧૪ પર**

**Post Registration No. MNW/277/2018-2020**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ એસ. દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ : શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરુષોની પ્રેરણા અને આશીષ.**

**“Licence to Post Without Pre Payment”**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2018**



ગોરક્ષા પાત્ર
**ગાય બૈલ બચેંગે**
**દેશ બચેગા**

To,